### શિક્ષણ જગત માં અમરેલીની ડો. કલામ ઈનોવેટિવ સ્કૂલનો ડંકો : સતત બીજા વર્ષે પણ રાજયપ્રથમ

# અમરેલીમાં ધો. ૧૦ બોર્ડમાં રાજયમાં પ્રથમ સ્થાને ડો. કલામ સ્કૂલ

**ડો.કલામ ઇનોવેટિવ સ્કુલમાં પહેલાં વર્ષે જીલ તેરૈયા અને આ વર્ષે અર્પિત ટાંકે ૯૯.૯૯ પર્સેન્ટાઇલ મેળવી સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યું**

**સતત બીજા વર્ષે ધો.૧૦ માં શાળાનું પરિણામ ૧૦૦ ટકા મેળવીને અમરેલીનું સમગ્ર ગુજરાતમાં નામ રોશન કર્યુ : તેજસ્વી છાત્રોને બિરદાવતું મેનેજમેન્ટ**




અમરેલી,

દેશના ભૂતપૂર્વ દિવંગત રાષ્ટ્રપતિ શ્રી. ડો.અબ્દુલ કલામનાં શિક્ષણ મોડલ ને અનુસરી અનન્ય કેદી કંડારતા શિક્ષણ ક્ષેત્રે નવો ચીલો ચાતરવાનાહેતુથીશરૂ થયેલીઅમરેલીની પોતીકીશાળા ડો.કલામઈનોવેટીવસ્કૂલ એ સતત બીજા વર્ષે બોર્ડમાં સો ટકા પરિણામ આપી, બોર્ડ ફર્સ્ટ વિદ્યાર્થી મેળવવાની સિદ્ધિ હાસલ કરી છે.૬૦૦ માંથી૫૮૯માર્કસમેળવીનેશાળાના ધો. ૧૦નાં વિદ્યાર્થીઓ ટાંક અર્પિત અનિલ ભાઈ એ સમગ્ર રાજ્યમાં બોર્ડ ફર્સ્ટ નું ગૌરવ અમરેલી ને અને શાળા ને અપાવ્યું છે.

પહેલાં વર્ષે જીલ તેરૈયા અને આવર્ષેઅર્પિતટાંકે૯૯.૯૯પર્સેન્ટાઈલ મેળવી સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મેળવી અનેરી સિદ્ધિ મેળવી છે. શિક્ષણ નાં પ્રવાહમાં પાઠ્યપુસ્તકનાં જ્ઞાન ની બહાર સાંપ્રત પ્રવાહો સાથે તાલમેલ મેળવી ટેકનોલોજી નાં સુગમ ઉપયોગ થકી આધુનિક અને અર્થપૂર્ણ શિક્ષણ આપવાની નેમ સાથે શાળા માં અલગ પ્રયોગો કરવામાં આવી રહ્યા છે.

ધો. ૧૦નાંપરિણામનીવાત કરવામાંઆવેતો૫૦વિદ્યાર્થીમાંથી૧૪ વિદ્યાર્થીઓ A1 ગ્રેડમાં અને ૧૭ વિદ્યાર્થીઓ A2 ગ્રેડમાં સફળતા મેળવી છે. જેનો શ્રેય શાળાના શિક્ષણ શિક્ષકો અને વાલીઓને જાય છે.સતત બીજા વર્ષે શાળાનું પરિણામ ૧૦૦ટકાઆવ્યું તેની પાછળ યોગ્ય આયોજન પૂર્વકની શ્રેષ્ઠ મેહનત, ટેકનોલોજી નો મહત્તમ ઉપયોગ,શિક્ષણક્ષેત્રેસંચાલકોનોવ્યાપક અનુભવ જવાબદાર છે.

અમરેલીના શ્રેષ્ઠ શિક્ષકોની ટીમ સાથેની શાળા એટલે કલામ કેમ્પસ. અમરેલીના માતાપિતા અને વિદ્યાર્થીઓની મનગમતી શાળા એટલે કલામ કેમ્પસ ફકત બોર્ડ જ નહીં પરંતુ તમામ વર્ગોમાં પૂરતું ધ્યાન આપી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે કામ કરવામાંઆવેછે.ધોરણ૯માં૫૦થી૬૦ ટકા મેળવનાર વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ માં ૭૫ થી લઈને ૯૦ ટકા સુધી માર્ક્સ મેળવ્યા છે.

આધુનિક લેબ, સ્માર્ટ બોર્ડ, રેગ્યુલર પરેન્ટ્સ મીટિંગ, હોસ્ટેલ સુવિધા ભાઈઓ માટે, વિદ્યાર્થી નાં ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે એવો શૈક્ષણિક પ્રવાસ, કલામ કલરવ વાર્ષિક ઉત્સવ, ઈનોવેશન પર ભાર, પ્રદર્શનો, રાષ્ટ્રીય પર્વો ની ઉજવણી, પેરેન્ટ્સ ની વર્ચ્યુલ નજર સામે બાળક નો વિકાસ અહીં જ શક્ય છે. અને આ તો હજુ શરૂઆત છે. તમારા બાળકો માટે વિજ્ઞાન પ્રવાહ નાં દરવાજા ખોલવા ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ આગામી સમયમાં આવી રહ્યો છે. જ્યારે સામાન્ય પ્રવાહ ધો૧૨ માં આ વર્ષ થી પ્રથમ બેચ ડંકો વગાડવા તૈયાર છે. આટલી જ્વલંત સિદ્ધિ મેળવ્યાં છતાં શાળા એવું જ માને છે કે 'વિદ્યા વિનય થી શોભે છે'

---

### રાજુલા નાગરિક બેન્ક પરિવાર દ્વારા

## રાજુલામાં પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું

**બેંકના પદાધિકારીઓ, અધિકારીઓની ઉપસ્થિતિ**




રાજુલા,રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા શહેરમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અને ખરીદી કરવા આવતા લોકોને અને હાલ ખૂબ જ ગરમી અને તાપ પડી રહ્યો હોય ત્યારે આવા સમયે પાણીની વ્યવસ્થા હોવી જરૂરી ત્યારે બે દિવસ પહેલા વિશ્વહિન્દુ પરિષદ દ્વારા શરૂ કરાયું હતું ત્યારે આજે રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન પાસે એક પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું ત્યારે આવતા જતા તમામ લોકો ને ઠંડુ પાણી મળી રહે તે હેતુથી રાજુલા નાગરિક બેંક દ્વારા આ ઉમદા કાર્ય કરવામાં આવ્યું ઉનાળા માં પાણીના પરબ ઘણા લોકો શરૂ કરે છે જેમાં ખાસ કરીને વિવિધ સંસ્થાઓ દ્વારા પણ આવા પરબ શરૂ કરવામાં આવતા હોય છે પરંતુ રાજુલામાં કોઈ સંસ્થાએ પરબ શરૂ કર્યા નથી બે દિવસ પહેલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દવાખાના શોક પાસે મૂકવામાં આવ્યું હતું ત્યારે આજે બેંક દ્વારા પ્રથમ નાગરિક બેંકના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ધાખડા ઉપ પ્રમુખ શ્રી દિનેશભાઈ પારેખ તથા તમામ ડિરેક્ટરશ્રીઓ અને મેનેજર શ્રી જીગ્નેશ ભાઈ જોશી દ્વારા રાજુલા શહેરમાં પાણીનું પરબ શરૂ કરવામાં આવી તેવી આ પ્રથમ ઘટના છે.

---

### તાલુકા વૈષ્ણવ સાધુ સમાજ દ્વારા ભંડારા નિમિતે

## ખાંભામાં સંત સભા યોજાશે : સાધુ સમર્પણ એવોર્ડ અપાશે

**સંત સભામાં સાવરકુંડલા માનવ મંદિરના પ.પુ. શ્રી ભકિતરામબાપુને એવોર્ડ આપી સન્માનિત કરાશે**

ખાંભા,અમરેલી જીલ્લાના ખાંભામાં આગામી તારીખ ૧૯/૫/૨૦૨૪ના રોજ સમાધીસ્થ ભરતબાપુ હરીયાણી(મારૂતી ધુન મંડળ) તથા સમાધીસ્થ શંતાબેન હરીયાણી નાં ભંડારાનું તથા સંત સભાનું આયોજન થનાર છે.આ સંત ભંડારામાં તથા સંત સભામાં અનેક સંતો મહંતોની ઉપસ્થિતીમાં સંત સભાનું આયોજન કરેલ હોય જેમાં વર્ષોથી અવીરતપણે મંદબુધ્ધિની બહેનોની ઉતમ નિસ્વાર્થે ભાવે સેવા કરતા પ.પૂ. ભક્તિરામ બાપુ ગોડલીયા (માનવ મંદિર)ને ખાંભા તાલુકા વૈષ્ણવ સાધુ સમાજ દ્વારા પૂ.બાપુને ગુજરાત સાધુ સમર્પણ એવોડે-૨૦૨૪ અર્પણ કરવામાં આવશે.આ અંગે અત્રેના એડવોકેટ/ આયોજક શ્રી રાજુભાઈ હરિયાણી તથા પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ હરીયાણી તથા પરિવારના મોભી શ્રી અરવિંદભાઈ હરીયાણી સહીતના અનેક યુવાનો તથા સેવકગણ તડામાર તૈયારી કરી રહયા છે.

---

## સાવરકુંડલા તથા ભાવનગરમાં પ્રૌઢાને ત્રાસ અપાયો

**પતિએ ત્રાસ આપી મારમારી ધમકી આપી કાઢી મુકયાની ફરિયાદ**

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

સાવરકુંડલા તથા ભાવનગરમાં ક્રિષ્નાબેન સંજયભાઈ પરમાર ઉ.વ.૪૩ને લગ્ન બાદ થોડો સમય વ્યવસ્થિત રાખેલ ત્યાર બાદ પતિ સંજય સુરેશભાઈ પરમારે ઘરકામ અંગે મેણા ટોણા મારી દુઃખત્રાસ ગાળો બોલીઢીકાપાટુનો મુંઢમારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરે થી કાઢી મુકયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

---

## અમરેલી પાલિકામાં ભાજપના રાજમાં ભ્રષ્ટાચારનો ભરડો : મનિષ ભંડેરી



અમરેલી,અમરેલી નગરપાલિકામાં જયારથી ભાજપનું શાસન આવ્યું ત્યારથી નગરપાલિકામાં ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઈ છે. છેલ્લા ત્રણ વર્ષ કરતા વધુ સમયગાળાથી અમરેલી નગરપાલિકામાં ભાજપનું શાસન છે. અને આ ભાજપના શાસનમાં શહેરનો વિકાસ કરવાના બદલે પોતાનો વિકાસ કરી રહયા છે. ભાજપના શાસકો દ્વારા અમરેલી શહેરની જનતાને ઉંધા ચશ્મા પહેરાવીને કરોડો રૂપિયાનું બ્લોક રોડ કૌભાંડ આચરવામાં આવ્યું છે.શહેરી વિસ્તારમાં સોસાયટીઓના સારા બ્લોક રોડ પણ કાઢી નવા બ્લોક રોડ બનાવવામાં આવેલ છે. અને જુના નીકળેલા બ્લોક ભાજપના શાસકો દ્વારા બારોબાર વેચી તેના નાણા પોતાના ખીસ્સામાં નાખવામાં આવ્યા છે. તેમજ શહેરમાં ભુર્ગભ ગટરના ઢાકણા બદલાવવા અને તેના મેન્ટેનન્સના નામે લાખો રૂપિયાના બીલ દર મહિને ભાજપના શાસકો દ્વારા મુકવામાં આવે છે. તેમજ સ્વચ્છતાના નામે પણ કરોડો રૂપિયાના બીલ મુકીને ભ્રષ્ટાચાર કરવામાં આવી રહયાનું અમરેલી તાલુકા કોગ્રેંસના પ્રમુખ મનિષ ભંડેરીની યાદીમાં જણાવાયું છે.

---

### જાયન્ટસ ગૃપ ઓફ કલોલ મેઇન દ્વારા

## ગોઢાવદર પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી જોષીને ગુજરાત ગૌરવ સન્માન અપાયું

**ગુજરાત ગૌરવ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા**




ગોઢાવદર, (ભરત વિંઝુડા) શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળાના શિક્ષકને જાયન્ટ્સ ગ્રુપ ઓફ કલોલ મેઈનથી સન્માનિત કરવામાં આવતા ગ્રામજનોમાં ખુશી પ્રસરી જવા પામી છે.શ્રી ધવલકુમાર જે જોષી શિક્ષણ ક્ષેત્રે અવનવુ કરવા માટે જાણીતા છે તેમની શિક્ષણ પ્રત્યેની રુચી ઉત્સાહ અને વિદ્યાર્થીઓને આગળ લાવવા કંઈક કરી છૂટવાની ખેવના તેમનામાં રહેલી છે.તેઓ શિક્ષણ સહિત સામાજિક ક્ષેત્રમાં પણ યોગદાન આપી રહ્યા છે,તેમની ઉમદા ભાવના અને કર્તવ્ય નિષ્ઠાની શિક્ષણ વિભાગ તેમજ ગુજરાતની અન્ય અનેક સંસ્થાઓએ નોંધ લીધેલ છે અને તેમનું બહુમાન કરી ચૂકી છે,હાલમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ કલોલ દ્વારા ગુજરાત રાજ્યના શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ કામગીરી કરતા શિક્ષકો માટે એક સન્માન સમારંભનું આયોજન સ્વામિનારાયણ યુનિવર્સિટી ગુરુકુળ-કલોલ,જીલ્લો ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું જેમાં તેઓને સન્માનવામાં આવ્યા આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી મકવાણા ,બી.આર.સી શ્રી ઠાકર ,સી.આર.સી , શાળાના આચાર્યશ્રી, વર્ષાબેન જોષી, શાળા પરિવાર,શાળાના માજી આચાર્ય શ્રી કરમશીભાઈ ભુવા, સરપંચ શ્રી,ઉપસરપંચ શ્રી, એસ.એમ. સી સમિતિ,વિજયભાઈ ગજેરા, ગોઢાવદર-સુરત શાળા વિકાસ સમિતિ, સંજયભાઈ ગજેરા, લાલજીભાઈ ગજેરા,પત્રકાર-ભરતભાઈ વિંઝુડા તથા ગ્રામજનોએ અભિનંદન પાઠવી ખૂબ ખૂબ આગળ વધો તેવી શુભેચ્છા આપેલ હતી.

---

## અમરેલી જિલ્લાની ગૌશાળાને આત્મનિર્ભર બનાવવા તત્પર બનતું અમરેલી જિલ્લા ભાજપ ગૌ સવર્ધન સેલ

**ગૌમાતા વિશે જાગૃતિ લાવવા અવેરનેસ કાર્યક્રમનું આયોજન**



અમરેલી,અમરેલીમાં સ્કૂલ, કોલેજમા અવેરનેસ કાર્યક્રમ દ્વારા ગૌ વિજ્ઞાન પરીક્ષા થકી ગૌમાતા વિશે જાગૃતા લાવવા અમરેલી જિલ્લા ભાજપ ગૌ સર્વધન સેલ તત્પર બન્યુંછે. શ્રી પ્રશાંતભાઈ ચુડાસમા અમરેલી જિલ્લા દરેક ગૌશાળાની મુલાકાત લઈ માર્ગદર્શન કરવા શ્રી બાબુભાઈ સોલંકી(વિશ્વ હિન્દુ પરીસદ .સૌરાષ્ટ્ર પ્રાંતનાં ગૌશાળા સપેક પ્રમુખ)સહિત આગેવાનો તત્પર બન્યા છે. અમરેલી જિલ્લામા અબોલજીવ માટે અમરેલી જિલ્લા ગૌ સંવર્ધન સેલ બી.જે.પી. દ્વારા વિવિધ સંસ્થા સાથે ગો સવર્ધન, ગૌ અવેરનેસ, ગૌશાળા આત્મનિર્ભર બનાવવા ,એનીમલ હેલ્પલાઈન, કરુણા અભિયાન, અબોલ જીવ માટે પાણી પીવાની વ્યવસ્થા, અને પક્ષી માળા જેવા વિષયો પર કાર્યકરી અમરેલી જિલ્લા મા કાર્ય શરુ છે. આગામી સમયમા ૧. સ્કુલ ,કોલેજ,આંગણવાડી મા વર્ષમા એકવાર મુલાકાત, તેના વિશે અવેરનેસ કાર્યક્રમ, ગૌ વિજ્ઞાન પરીક્ષા આયોજનર . જીલ્લાના DRDO વિભાગમા આવતા શ્રી ગૌ મોલ દ્વારા પ્રોજેક્ટ મા સહયોગ મળી રહે.જે થકી ગૌશાળા ,ગોપાલકો આત્મનિર્ભર બને અને અમરેલી જિલ્લા ગો સવર્ધન અને નવો રોજગાર ગો પ્રોડક્ટ શરુ કરાવામા આવશે. પ્રાત ગૌશાળા સંપર્ક વિ.એચ.પી. પ્રમુખશ્રી બાબભાઈ સોલંકી,સંયોજક ગો સંવર્ધન સેલ અમરેલી જિલ્લા બી.જે.પી.શ્રી પ્રશાંતભાઈ ચુડાસમા , સહ સંયોજક શ્રી તેજસભાઈ નિમાવત દ્વારા મુલાકાત કરવામા આવી હતી.

---

## સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલ ટીંબીની શુભેચ્છા મુલાકાતે સંતશ્રી લવજીબાપુ



અમરેલી,સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)માં ચાલતા તદન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત સદગુરૂ દેવનાં અનન્ય ભક્ત એવા શ્રી ખોડલધામ - નેસડી સાવરકુંડલાનાં મહંત અને આપણી હોસ્પિટલનાં દાતા એવા પરમવંદનિય સંતશ્રી લવજીબાપુ તા.૧૩-૫-૨૦૨૪નાં રોજ હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતાં. તેઓએ હોસ્પિટલનાં બધા જ વિભાગોની મુલાકાત લઈને ચાલતા સેવાકાર્યથી ખુબ જ પ્રભાવિત થયા હતાં તેઓની સાથે અન્ય સંતો પણ પધાર્યા હતાં. તેઓશ્રીને ઉપપ્રમુખશ્રી બી.એલ.રાજપરા તથા ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણી દ્વારા હસ્પિટલનાં પ્રણેતા સદગુરૂદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં જીવન ચરિતામૃત ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ છે.

---


### રાજુલા નાગરિક બેન્ક પરિવાર દ્વારા

## રાજુલામાં પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું

**બેંકના પદાધિકારીઓ, અધિકારીઓની ઉપસ્થિતિ**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા શહેરમાં ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અને ખરીદી કરવા આવતા લોકોને અને હાલ ખૂબ જ ગરમી અને તાપ પડી રહ્યો હોય ત્યારે આવા સમયે પાણીની વ્યવસ્થા હોવી જરૂરી ત્યારે બે દિવસ પહેલા વિશ્વહિન્દુ પરિષદ દ્વારા શરૂ કરાયું હતું ત્યારે આજે રાજુલા નાગરિક બેંક પરિવાર દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન પાસે એક પાણીનું પરબ શરૂ કરવામાં આવ્યું ત્યારે આવતા જતા તમામ લોકોને ઠંડુ પાણી મળી રહે તે હેતુથી રાજુલા નાગરિક બેંક દ્વારા આ ઉમદા કાર્ય કરવામાં આવ્યું ઉનાળા માં પાણીના પરબ ઘણા લોકો શરૂ કરે છે જેમાં ખાસ કરીને વિવિધ સંસ્થાઓ દ્વારા પણ આવા પરબ શરૂ કરવામાં આવતા હોય છે પરંતુ રાજુલામાં કોઈ સંસ્થાએ પરબ શરૂ કર્યા નથી બે દિવસ પહેલા વિશ્વહિન્દુ પરિષદ દ્વારા દવાખાના શોક પાસે મૂકવામાં આવ્યું હતું ત્યારે આજે બેંક દ્વારા પ્રથમ નાગરિક બેંકના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ધાખડા ઉપ પ્રમુખ શ્રી દિનેશભાઈ પારેખ તથા તમામ ડિરેક્ટરશ્રીઓ અને મેનેજર શ્રી જીગ્નેશ ભાઈ જોશી દ્વારા રાજુલા શહેરમાં પાણીનું પરબ શરૂ કરવામાં આવી તેવી આ પ્રથમ ઘટના છે.


---

### અવસાન નોંધ

અમરેલી

સ્વ. નવનીતભાઈ બાલુભાઈ ડોડીયા ઉ.વ.૬૫ તે હિતેનભાઈ ડોડીયાના પિતાશ્રી ભરતભાઈ, અરવિંદભાઈ ડોડીયાના મોટા ભાઈ તા. ૧૨-૫ રવિવારના રામચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. ૧૬-૫ ગુરૂવારના સાંજના ૪ થી ૬ લુહાર જ્ઞાતિનિ વાડી સવજીપરા રોડ ચાંદની ચોક અમરેલી મુકામે રાખેલ છે.


**મોકાનું મકાન વેચવાનું છે**

અમરેલીમાં ચિતલ રોડ, ૨૩-ગીરીરાજનગર, શેરી નં.-૨ માં મજબુત બાંધકામવાળુ, બે માળનું મકાન વેચવાનું છે

-:: સંપર્ક ::-

મો.૯૪૨૮૨ ૦૦૬૬૦, ૯૪૨૮૭ ૦૮૪૫૪

**અમરેલીમાં મકાન વેચવાનું છે**

અમરેલીના સુખનાથપરામાં તાત્કાલિક કસમાં પોણા વસાનું 2BHK ટોટલ માર્બલ ફલોરવાળુ Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે

સંપર્ક ડો.મિહીર ગણાત્રા

મો.૬૩૫૯૯ ૩૦૨૦૨, ૭૦૧૬૮ ૫૬૧૬૮

**મોકાની દુકાન વેચવાની છે**

અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે

-:: સંપર્ક ::-

મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

**"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"**

ઉધઈ થી બચો

ઉધઈ ની ટ્રીટમેન્ટ કરી આપનાર

ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ**

૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં

**શ્રી ખોડિયાર સ્ટુડિયો**

લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી

મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક

**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**

નું જમવાનું તો ભાઇ.. ભાઇ..

**ફુલ ગુજરાતી થાળી**

સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે

જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર

સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ

રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**

ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X ૩૩ ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે

-:: સંપર્ક ::-

મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

## ચોમાસા પૂર્વેની આગોતરી તૈયારીઓ સંદર્ભે

# અમરેલીમાં કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક સંપન્ન

### ચોમાસા પૂર્વે જરુરી તૈયારીઓ પૂર્ણ કરી તા.૧ જૂનથી જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કંટ્રોલ રુમ શરુ કરાશે : વરસાદ અનેવાવાઝોડાની સ્થિતિમાં રાહત બચાવ કામગીરી માટે આગોતરૂ આયોજન

### તંત્ર દ્વારા આગોતરી વ્યવસ્થાઓ માટેની પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવશે જિલ્લા કલેક્ટરશ્રી દહિયાએ આવશ્યક સૂચનાઓ અને વિશેષ માર્ગદર્શન આપ્યું



અમરેલી,

ચોમાસા પૂર્વે (પ્રિ-મોન્સુન) તૈયારીઓના ભાગરુપે અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત થતી કામગીરીઓના આયોજન અને જરુરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તાલુકા કક્ષાએથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અને જિલ્લા કક્ષાએ બેઠકમાં જોડાયેલા સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા કલેક્ટરશ્રીએ વિભાગ મુજબ ચોમાસા દરમિયાન કરવાની કામગીરી અને તેની આગોતરી તૈયારીઓની સૂચના આપવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન કરવાની થતી અન્વયે જિલ્લા કક્ષાએથી નોડલ અધિકારીશ્રીઓની નિમણુક કરવામાં આવી છે. તાલુકા વહીવટીતંત્ર આ નોડલ અધિકારીશ્રીઓના માર્ગદર્શનમાં જરુરી કામગીરીઓ હાથ ધરશે.

અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ કહ્યુ કે, આગામી તા.૦૧ જૂનથી તમામ તાલુકા મથકે કંટ્રોલરુમ કાર્યરત કરી અને વરસાદલક્ષી બાબતોની જરુરી વિગતો જિલ્લા કક્ષાના કંટ્રોલ રૂમને સમયસર પૂરી પાડવા આયોજન કરવામાં તાલુકા કક્ષાએ ચોમાસા દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર, પૂર અને વાવાઝોડાની સ્થિતિમાં કરવાની થતી કામગીરી માટે રાહત અને બચાવ, નુકસાનીનો સર્વે, વીજ પુરવઠો અને માર્ગોને પૂર્વરત કરવા માટે શક્ય હોય તેટલી વધુ ઝડપથી કામગીરી થાય તે જોવાનું રહેશે. માનવ અને પશુ મૃત્યુના કિસ્સામાં સહાય-વળતરની રકમ શક્ય હોય તેટલી વધુ ઝડપથી આવે તે ઘટતું કરવાનું રહેશે.

જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત ઈમારતો, સહિતની બાબતોનો સર્વે કરવો, જોખમી હોય તેવી ઈમારતો, ટાવરને ધરાશાયી કરવાની સ્થિતિ આવે તો તે માટે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે તે બાબતે સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ-વડાઓને ઘટતું કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ વિશેષ સૂચના આપી હતી. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આશ્રય સ્થાન તરીકે ઉપયોગમાં લેવામાં આવનાર શાળા, આંગણવાડી સહિતના સ્થળો પર પ્રાથમિક ઉપલબ્ધ થઈ રહે તે અગાઉથી સુનિશ્ચિત કરવા બાબતે ઘટતું થાય તે જોવા કલેકટરશ્રીએ, આઈ.સી.ડી.એસ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા અને નિવાસ અધિક કલેકટરશ્રી ગોહિલે સંબંધિત વિભાગોને ચોમાસા પૂર્વે કરવાની થતી કામગીરીનું આયોજન કરવા માટેની સૂચનાઓ આપી હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના વડાઓ તેમજ અધિકારીશ્રીઓને જિલ્લા તેમના વિભાગે કરવાની થતી કામગીરી તેમજ કંટ્રોલરુમ સંબંધિત કામગીરીનું યોગ્ય આયોજન અને અમલીકરણ કરવા માટે સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગના વડાઓ પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પહેલા પાનાનું
## વિજળી પડી



પડીહતી. બાબરા શહેર મા આજે બપોર બાદ ચાર વાગ્યા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો વિજળી ના કડાકા ભડાકા સાથે વરસાદ ધોધમાર પડ્યો હતો સાથે જોરદાર મિની વાવાઝોડું ફૂંકાયું હતું શહેર અને વિસ્તારમાં પાતળા વીજપોલ તુટી પડયા હતા તેમજ મોટી સંખ્યામાં નુકસાની થઈ છે અને વિસ્તારમાં વીજપોલ પડી ગયા છે સમગ્ર શહેરમાં અંધારપટ છવાયો છે હાલ છ વાગ્યા છે ત્યારે પણ જોરદાર વરસાદ ચાલુ હતો.

બાબરા તાલુકાનાં ચરખા, ઉંટવડ, લુણકી, કરીયાણા સહિતનાં ગ્રામ્ય પંથકમાં પણ પવન સાથે વિજળીનાં કડાકા ભડાકા સાથે એકથી દોઢ ઈંચ જેવો વરસાદ પડી જતા ખેતીપાકોમાં પણ નુકશાન થયેલ છે. બાબરાનાં કૃષ્ણનગર સોસાયટી સહિત શહેરમાં અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી બન્યા હતાં તેમજ ૨૦થી ૨૫ વિજપોલ પડી જવાનાં કારણે બાબરામાં અંધારપટ્ટ છવાઈ ગયો છે.

બાબરામાં પિતાને ઘરે ૧૫ દિવસથી ગયેલા ગોઢાવદર ગામનાં સુમિતાબેન વિલેશભાઈ રાખોલીયા ઉ.વ.૩૯ તેના ઘરની અગાસીએ પોતાના પુત્ર સાથે વરસાદ જોવા માટે ગયેલ તે દરમિયાન તેમના ઘર નજીક વિજળી પડતા અગાસી ઉપરથી પડી જતા ગંભીર ઈજા થતા આટકોટ ખાનગી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

અમરેલી તાલુકાનાં વાંકીયા અને બાબાપુરમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે ધોધમાર દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. લાઠીથી વિશાલ ડોડીયાનાં જણાવ્યા અનુસાર કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. વડીયાથી ભીખુભાઈ વોરાનાં જણાવ્યા અનુસાર કરા સાથે વરસાદ પડ્યો હતો.

મોટા આકડીયાથી મનોજ ત્રિવેદીનાં જણાવ્યા અનુસાર પવન સાથે વરસાદનું ઝાપટુ પડ્યુ હતું. કુંકાવાવથી કિર્તીભાઈ જોષીનાં જણાવ્યા અનુસાર વિજળીનાં કડાકા ભડાકા સાથે ધોધમાર સવા ઈંચ વરસાદ પડ્યો હતો. વડીયાના તોરીમાં આજે અડધો કલાક સુધી મેઘરાજાએ ધુઆધાર બેટીંગ કરી હતી અને સોપારી જેવા મોટા કરા પડ્યા હતા પવન આંધી વચ્ચે આજુબાજુના ગામોમાં પણ વરસાદના વાવડ મળ્યા છે અંદાજીત એક ઈંચ ઉપરાંતનો વરસાદ પડી ગયાના તોરીના પ્રતીનીધી શ્રી વિનુભાઈ કોટડીયાએ જણાવ્યું છે. સમગ્ર રાજ્યમાં હાલ ભર ઉનાળે વરસાદી છૂટો છવાયો વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે અમરેલી, લાઠી લીલીયા બાદ અમરેલી જિલ્લા ના છેવાડાના ગ્રામીણ તાલુકા વડિયા ના બાટવા દેવળી ગામે બપોર બાદ ભારે ઉકળાટ સાથે વરસાદી માહોલ છવાયો હતો અને વરસાદ વરસતા રસ્તાઓ પાણી પાણી થયા હતા. હાલ ઉનાળુ પાક પાકવામાં અંતિમ સમયમાં છે ત્યારે આ વરસાદ ને કારણે ખેડૂતોના તલ, મગ, અડદ જેવા પાકો નુકશાન થતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાતો હોય તેવુ જોવા મળી રહ્યુ છે. તેમ ભીખુભાઈ વોરાએ જણાવ્યું છે. જુના વાઘણીયા મુકામે આજે પાંચ થી છ વાગ્યે ખૂબ ખૂબ જ ગરમીમાં ઠંડાકકરી પવન વાવાઝોડું સાથે વરસાદ વરસ્યો કોઈ જાનહાન થયેલ નથી ગરમીમાં એકદમ ઠંડુ વાતાવરણ થઈ ગયુંહતુ. વાંકીયાથી શ્રી ભરતભાઈ કાપડીયાએ જણાવ્યું છે કે, મીની વાવાઝોડાને કારણે વિજળીનાં થાંભલાઓ પડી જતા વિજતંત્ર દ્વારા વિજ પુરવઠો પુર્વવત કરવા કામગીરી શરૂ કરાઈ છે જેમાં ગામનાં સ્વયંકસેવક યુવાનોની ટીમ પણ જોડાઈ છે અને સૌ પ્રથમ જયોતિગ્રામ યોજનાની વિજળી શરૂ કરવા પ્રયાસો શરૂ કરાયા છે.

## દર વર્ષની જેમ આ વર્ષે આસ્થાભેર અને પરંપરાગત રીતે

# ફતેપુરમાં ભોજલરામ પ્રાગટ્યોત્સવ ઉજવાશે

### શ્રી ભોજલરામ યુવા સેવા સંગઠનનાં બે હજાર ભાઇ બહેનોએ ભોજન પ્રસાદ, ચા-પાણી સહિતની કામગીરી સંભાળી : પ્રાગટ્યોત્સવની તડામાર તૈયારીઓ



અમરેલી,

અમરેલીનાં ફતેપુર ગામે પુજ્ય ભોજલરામ બાપાનાં ૨૩૯માં પ્રાગટ્યોત્સવની વૈશાખી પુર્ણીમાનાં પાવનદીને તા.૨૩-૫-૨૪ ગુરૂવારનાં રોજ શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉજવણી થનાર છે. તે નિમિતે મુંબઈ, વાપી, સુરત, અમદાવાદ, રાજકોટ, ગોંડલ, જુનાગઢ, જામનગર અને અમરેલી જિલ્લાનાં ઉદ્યોગપતિઓ, આગેવાનો, સંતો, મહંતો હાજરી આપશે. દર વર્ષની જેમ પ્રભાતે ૬ કલાકે પુજ્ય બાપાનાં સ્મીતિ ચિહ્નોનું પુજન, સવારે ૮:૦ કલાકે રક્તદાન કેમ્પ, સવારે ૯ કલાકે ફુલ સમાધી પર ધ્વજા રોહણ, ૯:૩૦ કલાકે નેત્ર નિદાન કેમ્પ, ૧૨ કલાકે ભોજન પ્રસાદ, સાંજે ૫ કલાકે ધર્મસભામાં પુજ્ય વિજયબાપુ સતાધાર, પુજ્ય લવજીભાઈ નેસડી, પુજ્ય વ્રજલાલબાપુ ગારીયાધાર, પુજ્ય જેરામબાપુ બગસરા, પુજ્ય નરેશદાદા ત્રિવેદી સુરત, બાબુરામબાપુ ધોળા, રાધાકૃષ્ણ શાસ્ત્રી રામપર, શ્રી શંકરમહારાજ રાજકોટ વગેરે સંતો હાજરી આપશે. સાંજનાં ૮:૩૦ કલાકે ભોજન બાદ ૯ કલાકે ભજન, સંતવાણી ડાયરામાં કલાકારો મનસુખભાઈ વસાવા, અપેક્ષાબેન પંડ્યા, પિયુષભાઈ મિસ્ત્રી, સ્મૃતિબેન પટેલ, રેખાબેન વાળા, મિહીરભાઈ પટેલ સંતવાણી ડાયરો જમાવશે. સવારનાં ૯ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ શ્રી સુખદેવ મહારાજનાં સ્વરમાં ભોજલ જ્ઞાન કથા યોજાશે. રક્તદાતાઓને પ્રસાદી રૂપે ભેટ અપાશે. એક લાખ ઘનફુટ ગુલાબી પત્થર અને આરસથી બનનાર ભોજલરામ બાપાનાં દિવ્ય અને ભવ્ય મંદિરની ૨૦૨૫માં કામગીરી પુર્ણ થશે. સાંજનાં ૫:૩૦ કલાકે મંદિર નિર્માણનાં મુખ્ય દાતાની સાકર તુલા કરાશે. આ કાર્યક્રમ માટે બે હજાર ભાઈઓ બહેનો અત્યારથી જ કામે લાગ્યા છે. પ્રાગટ્યોત્સવમાં ઉત્સાહભેર તૈયારીઓ થઈ રહી છે.

આ મહોત્સવનાં અધ્યક્ષ પદે વાલજીભાઈ પરસાણા રાજકોટ અને ઉદ્દઘાટક તરીકે વસંતભાઈ ગજેરા, લવજીભાઈ બાદશાહ, પરશોતમભાઈ ગજેરા, દિલીપભાઈ કોઠીયા, પ્રતાપભાઈ વસાણી, દેવચંદભાઈ સાવલીયા, મુકેશભાઈ સાવલીયા, હસમુખભાઈ નાકરાણી, બટુકભાઈ મોવલીયા અને આગેવાનો સહિત પરશોતમભાઈ રૂપાલા, જેવી કાકડીયા, હિરેન હિરપરા, દિલીપભાઈ સંઘાણી, જનકભાઈ તળાવીયા, રાજેશભાઈ કાબરીયા, કૌશિકભાઈ વેકરીયા, પરેશભાઈ ધાનાણી, પ્રતાપભાઈ દુધાત, ભરતભાઈ સુતરીયા, બાવકુભાઈ ઉંધાડ, મુકેશભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા, જેનીબેન ઠુંમર, પીપી સોજીત્રા, મહેશભાઈ કસવાળા, અશ્વિનભાઈ સાવલીયા, કિશોરભાઈ કાનપરીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ માટે તડામાર તૈયારીઓ થઈ રહી છે.

## મેરા જલા હુવા રાખ નહીં અમર દીપ હો, જો મીટ ગયા વતન પર મેં વો શહીદ હું

# રાજુલાનાં ધારાના નેસના યુવાનની સરહદે વીરગતિ : આજે અંતિમ યાત્રા

### આજે સવારે શહીદ રવિભાઇ ધાખડાની રાજુલામાં અંતિમયાત્રા : બે કલાક સુધી બંધ પાળી રાજુલા અંતિમ યાત્રામાં જોડાશે : શ્રી રવિભાઇ શ્રી ભવનુભાઇનાં એકના એક પુત્ર હતાં : આ વર્ષે તેમનાં લગ્ન થવાના હતાં





રાજુલા,

રાજુલાના ધારાનો નેસ ગામના રવિરાજભાઈ ભવનુભાઈ ધાખડા ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવે છે આજે તેમનું બોર્ડર ખાતે દુઃખદ નિધન થતા આ સમાચાર રાજુલામાં વાયુવેગે પ્રસરી જવા પામ્યા હતા. આ યુવાનને આજે દિલ્હીથી નીકળી આવતીકાલે રાજુલા લાવવામાં આવશે અને રાજુલા થી ધારા નો નેસ ગામે સ્મશાન યાત્રા રાખવામાં આવેલ છે વીરગતિ પામતા આ યુવાનને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના આગેવાનોએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આજે સવારે ૮:૦૦ કલાકે પૂજા બાપુ ગૌશાળા રાજુલા થી ધારાનો નેસ સુધી તેમની અંતિમયાત્રા નીકળશે. શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે યાર્ડના પ્રમુખ શ્રી જીગ્નેશ ભાઈ પટેલ તથા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નેતા તથા વિશ્વ હિન્દુ પરિષદના યુવરાજ સાદુ તથા લોક સાહિત્યકાર ઉદયભાઈ ધાધલ તથા રવુભાઈ ખુમાણ તથા મુન્નાભાઈ રબારીકા તમામ અપીલ કરી ૮ વાગ્યે ગૌશાળાએ શ્રદ્ધાંજલિ આપવા ઉપસ્થિત રહેવું તેમ જણાવ્યું છે.

શહીદ રવિરાજભાઈ ધારાના નેસ ગામનાં અગ્રણી શ્રી ભવનુભાઈ ધાખડાનાં એકના એક પુત્ર હતાં અને આ વર્ષે તેમના લગ્ન પણ થવાના હતાં. તેમણે જમ્મુ કાશ્મીર, લદ્દાખ અને દિલ્હી સહિતની જગ્યાએ ફરજ બજાવી હતી. સાહસીક એવા આ શહીદનાં નિધનનાં સમાચારનાં પગલે ભારે શોકની લાગણી છવાઈ છે. તેમની સ્મશાન યાત્રા દરમિયાન માર્કેટયાર્ડની હરરાજીનું કામ સવારે ૯ વાગ્યાને બદલે ૧૦ વાગ્યે કરાશે.

## એકના એક પુત્રને દેશની સેવામાં સમર્પિત કરનાર

# અવધ ટાઇમ્સનાં ધારાના નેસનાં પત્રકાર શ્રી ભવનુભાઇ ધાખડા પરિવાર ઉપર વજઘાત

### કિશાન અને ક્ષત્રીય અગ્રણી શ્રી ભવનુભાઇ ધાખડાનાં દુઃખમાં બાબરીયાવાડ સહભાગી થશે

અમરેલી, પોતાના લાડકવાયા એકના એક પુત્ર શ્રી રવિરાજભાઈ ધાખડાને દેશની સેવામાં સમર્પિત કરનાર અવધ ટાઈમ્સનાં પ્રારંભ કાળે ધારાના નેસનાં પત્રકાર શ્રી ભવનુભાઈ ધાખડા પરિવાર ઉપર વજઘાત થયો છે. સરહદે વિરગતી પામનાર શ્રી રવિરાજભાઈની અંતિમ યાત્રામાં જોડાઈ અને કિશાન અને ક્ષત્રીય અગ્રણી શ્રી ભવનુભાઈ ધાખડાનાં દુઃખમાં બાબરીયાવાડ સહભાગી થશે.


સંકુલ ઉ.મા. ગર્લ્સ ગુ.મી. આર્ટસ કોમર્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ ઈ.મી. કોમર્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. કુમાર શાળા ગુ.મી. કોમર્સ પ્રવેશ
★ આર્ટસ : મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ગર્લ્સને ધો.૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ મળશે.
★ KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ – Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 026

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ
સિમ્ફની એર કુલર
GENERAL MITSUBISHI BLUE STAR Cruise
DAIKIN VOLTAS A TATA Product LLOYD IFB BPL
HITACHI Kelvinator LG Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન
જય રામદેવ ટ્રાવેલ્સ
તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ
નેસડીથી સુરત
તાતણીયાથી સુરત
ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL
ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત
ટાઇમ રાત્રે ૭,૮,૯
ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી
અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦
ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,
Online Booking : www.jayramdevtravels.com

એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ( ગુજરાતી માધ્યમ)
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-11 કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી કોમર્સ સ્કૂલ
ધોરણ 12 કોમર્સ(વર્ષ 2024) સામાન્ય પ્રવાહ નું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થી :-57
સંસ્થા નું પરિણામ :-86.36%
95 PR UP :- 07 વિદ્યાર્થી
90 PR UP :- 10 વિદ્યાર્થી
75 PR UP :- 21 વિદ્યાર્થી
A1 ગ્રેડ 50% ફી માફી
A2 ગ્રેડ :-10 B2 ગ્રેડ :-13 B1 ગ્રેડ :-16
શુ કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
→ છેલ્લા 16 વર્ષોના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.10 P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર PR | 25% |
| 90 થી 95 PR સુધી | 20% |
| 85 થી 90 PR સુધી | 15% |
| 65 થી 85 PR સુધી | 10% |
| 50 થી 65 PR સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૬૬ ૩૪૪૨૬ - ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૬-૦૫-૨૦૨૪ ગુરૂવાર

# એકલા સુશીલ મોદીએ બિહારમાં લાલુ યાદવ નામના ઘટાદાર વડના મૂળિયાં ઉખાડી નાખેલાં

બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીનું નિધન થયું એ સાથે જ ભાજપને રાજકીય પક્ષ તરીકે મજબૂત બનાવવા માટે જાત ઘસી નાખનારા વધુ એક પાયાના કાર્યકરે વિદાય લીધી. ૭૨ વર્ષના સુશીલ કુમાર મોદીને કેન્સર હતું. સુશીલ મોદીએ ૩ એપ્રિલે એક્સ પર પોસ્ટ મૂકેલી, હું છેલ્લા ૬ મહિનાથી કેન્સર સામે લડી રહ્યો છું. મને લાગે છે કે હવે લોકોને કહેવાનો સમય આવી ગયો છે. હું લોકસભાની ચૂંટણીમાં કંઈ કરી શકીશ નહીં. મેં વડા પ્રધાનને બધું જ કહી દીધું છે. હંમેશાં દેશ, બિહાર અને પાર્ટી પ્રત્યે કૃતજ્ઞ અને સમર્પિત રહીશ.

મોદીએ આ પોસ્ટ મૂકી ત્યારે કોઈને તેમની બીમારીની ગંભીરતાનો ખ્યાલ નહોતો. ૪૦ દિવસ પછી જ સુશીલ મોદી પોતાની જીવનલીલા સંકેલી લેશે એવી કોઈને કલ્પના પણ નહોતી તેથી મોદીના નિધનના અચાનક આવેલા સમાચારે સૌને આંચકો આપી દીધો.

બિહાર ભાજપમાં સુશીલ મોદી દિગ્ગજ નેતા હતા. વરસો સુધી સુશીલ મોદી બિહાર ભાજપમાં નંબર વન મનાતા તેથી ત્રણ વાર તો નાયબ મુખ્યમંત્રી બન્યા. મૂળ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાંથી આવેલા મોદી બોટની વિષય સાથે બીએસસી થયેલા અને એમએસસી કરતા હતા ત્યારે જ ૧૯૭૪માં જયપ્રકાશ નારાયણે ભ્રષ્ટાચાર સામે આંદોલન છેડતાં તેમાં જોડાઈ ગયેલા. મોદી ૧૯૭૩માં પટના યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના જનરલ સેક્રેટરી બન્યા ત્યારે લાલુ પ્રસાદ યાદવ યુનિયનના પ્રેસિડેન્ટ હતા.

જે.પી.ના આંદોલન દરમિયાન મોદી જેલમાં ગયા. એ દરમિયાન જ કટોકટી આવતાં પાછો જેલવાસ શરૂ થયો. જે.પી. આંદોલન અને કટોકટી દરમિયાન સુશીલ મોદીની પાંચ વખત ધરપકડ કરાયેલી. કટોકટી વખતે તો સતત ૧૯ મહિના સુધી જેલમાં રહ્યા હતા. કટોકટી પછી સુશીલ મોદીને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના બિહાર સેક્રેટરી બનાવાયેલા. એબીવીપીના કાર્યકર તરીકે બિહારમાં ઘૂસી આવેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો સહિતના મુદ્દે તેમણે આંદોલનો કરેલાં.

સુશીલ મોદી ૧૯૯૦માં સક્રિય રાજકારણમાં આવ્યા અને પટણા સેન્ટ્રલ વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૯૯૫ અને ૨૦૦૦માં સુશીલ મોદી ફરી આ જ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. સુશીલ મોદીને બિહારમાં લાલુપ્રસાદ યાદવના એકચક્રી શાસનનો અંત આણનારા મહારથી તરીકેનો યશ અપાય છે. લાલુપ્રસાદ યાદવે ૧૯૯૦ના દાયકામાં આચરેલા ઘાસચારા કૌભાંડનો ભાંડો મોદીએ ફોડેલો. મોદીએ આ મુદ્દાને એટલો મોટો બનાવ્યો કે, રાષ્ટ્રીય મુદ્દો બની ગયો અને લાલુ પ્રસાદ તથા તેમનો પરિવાર ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો.

લાલુએ યાદવો સહિતના ઓબીસી અને મુસ્લિમોની મતબેંકને કારણે તેમને પછાડવા મુશ્કેલ હતા પણ મોદીએ ઘાસચારા કૌભાંડને મુદ્દો બનાવીને લાલુની ઈમેજના ધજાગરા ઉડાવી દીધા. તેના કારણે લાલુએ જેલમાં જવું પડ્યું, મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું ને છેવટે સત્તા પણ ગુમાવી. ઘાસચારા કૌભાંડના પર્દાફાશે સુશીલ મોદીને બિહાર ભાજપમાં સૌથી મોટા નેતા બનાવી દીધા. આ કારણે જ ૨૦૦૦માં નીતીશ કુમારે થોડા દિવસ માટે રચેલી સરકારમાં મોદી મંત્રી બન્યા હતા.

૨૦૦૫ની બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ સત્તા પર આવ્યો અને નીતીશ કુમાર મુખ્યમંત્રી બન્યા ત્યારે ભાજપે સુશીલ કુમાર મોદીને વિધાનસભા પક્ષના નેતા બનાવ્યા હતા. મોદી એ વખતે પહેલી વાર નાયબ મુખ્યમંત્રી બન્યા. ૨૦૧૦માં ફરીથી નીતીશ કુમારની સરકાર બની ત્યારે સુશીલ કુમાર મોદી ફરીથી નાયબ મુખ્યમંત્રી બન્યા હતા અને ૨૦૧૩ સુધી નાયબ મુખ્ય પ્રધાન રહ્યા.

નીતીશે નરેન્દ્ર મોદીની વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે પસંદગીના મુદ્દે ભાજપથી છેડો ફાડ્યો પછી મોદી ફરી લડાયક મૂડમાં આવી ગયેલા. લોકસભાની ચૂંટણીમાં કારમી હાર પછી લાલુ અને નીતીશે હાથ મિલાવ્યા અને તેજસ્વી યાદવ નાયબ મુખ્યમંત્રી બન્યા. જેડીયુ અને આરજેડીની સરકાર વખતે મોદીએ ફરી તેજસ્વી યાદવના ભ્રષ્ટાચારનો ભાંડો ફોડ્યો ને આ કારણે નીતીશ આરજેડીથી અલગ થયા. આ રીતે આરજેડી અને જેડીયુ સરકારના ૨૦૧૭માં થયેલા પતનનું કારણ સુશીલ કુમાર મોદી હતા. મોદીએ ભ્રષ્ટાચારના મુદ્દે લાલુ યાદવના પરિવારને ભીંસમાં લેતાં સરકાર પડી ગઈ પછી, નીતીશ કુમારે ભાજપ સાથે મળીને સરકાર બનાવી ત્યારે સુશીલ મોદી ત્રીજી વખત ડેપ્યુટી સીએમ બન્યા.

બિહારમાં ૨૦૨૦માં વિધાનસભા ચૂંટણી થઈ અને ફરી એનડીએની સરકાર બની ત્યારે સુશીલ મોદીને નાયબ મુખ્યમંત્રી બનાવવાના બદલે ભાજપે રાજ્યસભામાં મોકલી દીધા. સુશીલ મોદીની રાજકીય કારકિર્દીના વળતાં પાણી એ વખતે જ શરૂ થઈ ગયેલાં. મોદીનું કદ જોતાં નરેન્દ્ર મોદી સરકારમાં કેબિનેટ મંત્રી બનવાને લાયક હતા પણ ભાજપે તેમને સાંસદ બનાવીને રાખ્યા તેથી એ ધીરે ધીરે રાજકારણથી દૂર થવા લાગેલા. દરમિયાનમાં ગયા વરસે કેન્સર થઈ જતાં રાજકારણથી અલિપ્ત જ થઈ ગયેલા.

સુશીલ મોદી વરસો સુધી રાજકારણમાં રહ્યા, લાંબો સમય સત્તામાં રહ્યા પણ સ્વચ્છ ઈમેજ જાળવી. મોદી સામે કદી ભ્રષ્ટાચારનો આક્ષેપ સુધ્ધાં ના થયો. વરસો સુધી બિહારના નાણાં મંત્રી રહ્યા પણ કદી તેમનું નામ ના ખરડાયું. બિહાર ભાજપના અશ્વનીકુમાર ચૌબે અને ગિરિરાજસિંહ સહિતના નેતા મુસ્લિમ વિરોધી નિવેદનો કરી કરીને રાજકીય દુકાન ચલાવતા રહે છે ત્યારે સુશીલ મોદી કોમવાદથી પણ દૂર રહ્યા. તેનું કારણ એ હતું કે, સુશીલ મોદી પોતે કોલેજના જમાનામાં ખ્રિસ્તી યુવતીના પ્રેમમાં પડેલા ને પછી તેની સાથે લગ્ન કર્યાં. સુશીલ મોદીનાં પત્ની જેસ્સી જોસેફ કેરળનાં ખ્રિસ્તી છે અને પ્રોફેસર છે. સુશીલ અને જેસ્સી એમએસસીમાં સાથે ભણતાં હતાં ત્યારે પ્રેમમાં પડી ગયેલાં. તેમને બે પુત્રો છે, એકનું નામ ઉત્કર્ષ તથાગત અને બીજાનું નામ અક્ષય અમૃતાંક્ષુ છે. સુશીલ-જેસ્સીનાં લગ્નમાં આશીર્વાદ આપવા અટલ બિહારી વાજપેયી હાજર રહ્યા હતા. બંનેનાં લગ્નનો ફોટો સોશિયલ મીડિયા પર અત્યારે વાયરલ પણ થયો છે.

જેસ્સી ખ્રિસ્તી હતાં બંનેનાં લગ્ન સામે સુશીલ મોદીના મારવાડી પરિવારે ભારે વાંધો લીધેલો. સુશીલને જેસ્સીથી અલગ કરવાના પ્રયત્નો પણ થયા પણ સુશીલ પોતાના પ્રેમને લગ્ન સુધી લઈ જવા મક્કમ હતા તેથી હામ ના હારી ને છેવટે પરિવારે હારીને લગ્ન કરાવી આપવાં પડ્યાં.

સુશીલ મોદીની વિદાયથી ભાજપને ના પૂરાય એવી ખોટ પડી છે એવું ના કહી શકાય કેમ કે ભાજપે તેમને બહુ પહેલાં જ હાંસિયામાં ધકેલી દીધા હતા. અલબત્ત દેશે એક સ્વચ્છ અને પ્રમાણિક નેતા ગુમાવ્યો છે તેમાં બેમત નથી.

## ધારીના ગોપાલગ્રામમાં પિયરમાં ગયેલ પરિણીતાનું વિજ શોક લાગતા મોત થયું

### પાણી આવતા મોટર શરૂ કરતાં વાયર અડી જતાં વિજ શોકથી મોત નિપજયું



અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)
શિલાણાની કિરણબેન મહેશભાઈ ટોટા ઉ.વ. ર૩ના પિયરમાં બહેનને ત્યાં દિકરાનો થયો હોય અને કિરણબેન તેમને મળવા માટે તેના માવતરને ત્યાં ગયેલ તા.૧૪-પના બપોરના ૪-૩૦ કલાકે ઘરે પાણી આવતા મોટરથી પાણી ખેંચતા હોય. અચાનક મોટરનો વાયર કિરણબેનને અડી જતાં વિજશોક લાગવાથી મોત નિપજયાનું પતિ મહેશભાઈ સોમાભાઈ ટોટાએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલી બ્રાહ્મણ વિદ્યાર્થી ભવનમાં પ્રવેશ અપાશે

### ધો. ૯ થી ૧૨ અને કોલેજનાં વિદ્યાર્થીઓએ અરજી કરવી

અમરેલી,
સમસ્ત બ્રાહ્મણ મંડળ વિદ્યાર્થી ભવન અમરેલીનાં પ્રમુખશ્રી ડો.કિરીટભાઈ જે.જોષીની યાદી જણાવે છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ શૈક્ષણિક વર્ષમાં સંસ્થામાં રહેવા માટે ધો.૯ થી ૧૨ તેમજ કોલેજમાં સામાન્ય બવાહ-વિજ્ઞાન પ્રવાહો બી.એડ. ડીપ્લોમાં કોર્સ સહિત રેગ્યુલર અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ પોતાના અક્ષરે સંસ્થામાં લેખીત અરજી કરવાની છે. જેમાં પોતાનું પુરૂ નામ, ગામ, સરનામુ, મોબાઈલ નંબર, પિતાનો વ્યવસાય, વિદ્યાર્થીનાં આધાર કાર્ડની ઝેરોક્ષ, ક્યા ધોરણમાં અભ્યાસ કરવા માગ છે તે સ્પષ્ટ લખવું, છેલ્લો શાળા કોલેજમાં પાસ થયાની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ, લેખીત અરજી સાથે રાખીને તા.૩૦-૫-૨૦૨૪ સુધીમાં સંસ્થામાં અરજી કરવી. સમસ્ત બ્રાહ્મણ મંડળ વિદ્યાર્થી ભવન (સમસ્ત બ્રાહ્મણ બોર્ડીંગ) સ્ટેશન રોડ, અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ સામે, અમરેલીનાં એડ્રેસ પર અરજી મોકલવી. કોમ્પ્યુટર કોર્સ, સર્ટીફિકેટ કોર્સ કરવા માંગતા વિદ્યાર્થીઓએ અરજી કરવી. આવેલ અરજીઓ ધ્યાને લઈને સંસ્થાનાં નિયમોને આધિન રહીને સવલત મુજબ ટ્રસ્ટ નિર્ણય લેશે. પ્રથમ વિદ્યાર્થીઓ આવેલ અરજી મુજબ ફોન દ્વારા જણાવી રૂબરૂ બોલાવવામાં આવશે અને માહિતી આપવામાં આવશે. પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીએ સંસ્થાનું ફોર્મ ભરવાનું છે. રહેવા-જમવા (બપોર-સાંજ) સંસ્થાની મર્યાદામાં રહી આપવામાં આવશે. તેમ ડીજી મહેતાએ સમસ્ત બ્રાહ્મણ મંડળ વતી જણાવ્યું છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૬.૫.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ આઠમ, મઘા નક્ષત્ર, ધ્રુવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : પરિસ્થિતિ ધીમે ધીમે તરફેણમાં આવે, વિદ્યાર્થીવર્ગ એકાગ્રતાથી આગળ વધી શકે, સફળતા મળે, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : નવી વસ્તુની ખરીદી કરી શકો, સુખ સગવડના સાધનો વસાવી શકો, દિવસ આનંદદાયક રહે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં સફળતા મળતી જણાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, સામાજિક કાર્ય કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : પોઝિટિવ વાણીનો મહિમા સમજી શકો, તમારા સૌમ્ય વાણી-વર્તન થી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
સિંહ (મ,ટ) : આજના દિવસે કામકાજ માં સફળતા મળે, તમારા ક્ષેત્ર માં આગળ વધી શકો, પ્રગતિ થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : કાર્યમાં થોડો વિલંબ થતો જોવા મળે, બિનજરૂરી વિવાદો ટાળવા, બોલવા માં કાળજી રાખવા સલાહ છે.
તુલા (ર,ત) : નવા સંબંધોમાં અને વર્તુળમાં સારું રહે, સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય) : નોકરિયાતવર્ગે કાળજી રાખવી પડે, સ્ત્રી વર્ગ નેમધ્યમ રહે, ધીમી પ્રગતિ જોવા મળે, સુંદર દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ઈષ્ટદેવના સ્મરણથી કાર્ય પાર પડે, નસીબ સાથ આપે, ધીમે-ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે.
મકર (ખ,જ) : કેટલીક બાબતો મનમાં ખુચ્યા કરે, માનસિક વ્યગ્રતા જણાય, મન નું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
કુંભ (ગ ,સ,શ) :રાજનીતિમાં અને જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
મીન (દ,ચ,ઝ,થ): જીવન પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરત જણાય, તબિયતની કાળજી લેવી, ખાવા પીવા માં કાળજી લેવી, મધ્યમ દિવસ.

## સોમનાથ ભાવનગર હાઇવે ઉપર રાત્રે લોહીના પાટોડા ભરાયા

# રાજુલા પાસે વાહન હડફેટે બે ના મોત : એકને ઇજા

### રાજુલાના દાતરડી વિસળીયા વચ્ચે ટ્રીપલ સવારી બાઇકને અજાણ્યા વાહને ટક્કર મારતા મહુવાના બીલડી ગામના બે વ્યક્તિના મોત



રાજુલા, રાજુલાનાં દાતરડી વિસળીયા વચ્ચે બાઈક ચાલકને ભારે વાહને ટક્કર મારતા બે વ્યક્તિ જેમાં બાવકુભાઈ રસાભાઈ ધુંધળવા અને ભોળાભાઈ નરસિંહભાઈ ધુંધળવા બંનેનાં ઘટના સ્થળે જ મોત નિપજયા હતા. ટ્રીપલ સવારી બાઈક અને ભારે વાહનનાં અકસ્માતમાં બાઈકમાં ત્રણ વ્યક્તિ હતા તેમાં બે મોત થયા છે જ્યારે પ્રવિણભાઈ ભરતભાઈ ચુડાસમાને ગંભીર ઈજા થતા સારવાર માટે મહુવા હોસ્પિટલમાં ખસેડેલ છે. તમામ મહુવાના બીલડી ગામના હોવાનું જાણવા મળ્યુ છે. ડુંગર પોલીસે બનાવની જાણ થતા તુરંત ઘટના સ્થળે પહોંચી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

## કોટડી ગામનો પરિવાર પાણીમાં ગરકાવ થતાં ધારાસભ્યશ્રીની રજુઆત કરાઇ

### શ્રી હિરાભાઇ સોલંકીએ મુખ્યમંત્રીને રજુઆત કરી



રાજુલા,
મૂળ રાજુલાના વતની કોટડી ગામના આ પરિવાર સુરતમાં સ્થાયી થયેલો હતો આ બલદાણીયા પરિવાર નર્મદા જિલ્લાના પોઈચા વિસ્તારમાં શ્રીમદ ભાગવત સપ્તાહ દરમિયાન પાણીમાં ગરકાવ થયો હતો અને વ્યક્તિઓની શોધખોળ ચાલુ છે. આ આહીર પરિવાર પાણીમાં ગરકાવ થઈ જતા રાજુલા વિસ્તારમાં આહીર સમાજ અને રાજુલા પંથકમાં ભારે ગમગીની વ્યાપી જેવા પામી છે ત્યારે રાજુલા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી કે મારા વિસ્તારના લોકો પાણીમાં ગરકાવ છે તેને શોધવા માટે ટીમ વધારવામાં અને આ સાત વ્યકિતઓને તાત્કાલિક અસરથી શોધવામાં આવે તે માટે એનડીઆરએફ ટીમ તેમ જ વધારે ટીમો તાત્કાલિક મૂકવામાં આવે તેવી મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે અને હાલમાં તે જ ગતિએ કામગીરી શરૂ છે. ત્યારે તેમના પરિવારજનોને મદદરૂપ થવા માટે રાજુલા વિસ્તારમાં લોકો સતત પૂછતા જ કરી રહ્યા છે અને વ્યક્ત કરી રહ્યા છે

## બાબરાના ચમારડી થી ચરખા વચ્ચે ફોરવ્હીલે બાઇકને હડફેટે લીધુ

### બાઇક સાથે ભટકાવી પેટમાં તથા જમણા હાથે પગે ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)
બાબરા તાલુકાના ચમારડી થી ચરખાની વચ્ચે પાણીના ટાંકા પાસે તા. ૧ર-પના સવારે ૯ કલાકે મારૂતિવાન જી જે ૦પ યુયુ ૯૪૭૩ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવી કાંતિભાઈ નાનજીભાઈ રાઠોડ ઉ.વ.પરના બાઈક સાથે ભટકાવી પેટના ભાગે આતરડામાં તથા જમણા હાથે અને જમણા પગે ગંભીર ઈજાઓ કરી બાઈક પાછળ બેઠેલ કાંતિભાઈની દિકરીને માથામાં ઈજા કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારીમાં પરિણીતાને ત્રાસ અપાયો

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)ધારીમાં રહેતી હાલ બગસરાના નટવર નગરની ખુશ્બુબેન મુસ્તુફાભાઈ ખોખર ઉ.વ.ર૮ને ચારેક મહિના બાદ તા. ૧-ર-ર૩ થી રર-૩-ર૩ દરમ્યાન સાસરીયાઓ તથા બાજુમાં રહેતાં ખુશ્બુબેનના પતિના ફઈની દિકરી સહેનાઝબેને કામકાજ અને કરિયાવર અંગે અવાર નવાર મેણામારી શારિરીક અને માનસિક ત્રાસ આપી ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢ મારમારી ધમકી આપ્યાની અમીનાબેન મનહરખાન, મનહરખાન, મુસ્તુફાભાઈ મનહરખાન, નવાઝ મનહરખાન, સમીરાબેન મનહરખાન ઈસુબજી તેમજ શેનાઝબેન સામે બગસરા મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભાના રૂગનાથપુર ગામમાં પરિણીતાએ ભુલથી ઝેરી દવા પીજતાં દવાખાને ખસેડાઈ

### માળીયા ઉપર પડેલ શરદીની બોટલની બાજુમાં પડેલ દવા પી ગયેલ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)ખાંભા તાલુકાના રૂગનાથપુર ગામે રહેતી ભુમિબેન લલીતભાઈ ડાભી ઉ.વ.ર૧ને શરદી તથા ઉધરસ થયેલ. તેના રૂમમાં માળીયા ઉપર પડેલ શરદી ઉધરસની બોટલ લેવા જતાં લાઈટ જતી રહેલ હોય. જેથી ઉધરસની બોટલની બાજુમાં પડેલ મરચામાં છાંટવાની ઝેરી દવા ભુલથી પી જતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવી હતી.

## સાવરકુંડલામાં યુવાનને પત્ની તથા અન્ય શખ્સે ધમકી આપી

### પત્નીએ ફોન ઉપાડી અન્ય વ્યકિતને કોન્ફરન્સમાં લઈ ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)
સાવરકુંડલા જેસર રોડ કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા રૂષિલભાઈ મનસુખભાઈ ડોડીયા ઉ.વ.રપને તેના પત્નિ દર્શના દુલર્ભભાઈ કવા રહે. ભાખા થોરડી તા.ગીરગઢડાએ તા.ર૯-૩-ર૪ના તેમના મોબાઈલમાંથી રૂષિલભાઈને ફોન કરતાં ફોન દર્શનાએ ફોન ઉપાડી અન્ય વ્યકિતને ફોન ઉપર કોન્ફરન્સમાં લઈ જેમ ફાવે તેમ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કોવાયામાં પ્રૌઢનું હાર્ટએટેક આવતા મોત

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)
રાજુલા તાલુકાના ગામે ટાઉનશીપ ૧૯રમાં રહેતા રામકુભાઈ જીલુભાઈ વાળા ઉ.વ.૪૮ને પોતાના ઘરે હતાં ત્યારે હાર્ટએટેક આવી જતાં સારવાર માટે દવાખાને લઈ જતાં મોત નિપજયાનું પુત્ર ધ્રુવીલભાઈ રામકુભાઈ વાળાએ મરીન પીપાવાવ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## નાળીયેરી મોલી ગામના અકસ્માત કલેઇમ કેસમાં ૪૮ લાખ મંજુર કરાયા

### એડવોકેટ રાજુ હરિયાણી અને એમ.એમ. બાવનકાની દલીલો ગ્રાહ્ય રાખી



ખાંભા, ખાંભા તથા સા.કુંડલાનાં યુવા અને સેવાભાવી એડવોકેટશ્રી રાજુભાઈ હરીયાણી તથા એમ.એમ.બાવનકાએ એકસીડેન્ટ મરણમાં ૪૧,૧૯,૪૦૦/- અંકે રૂપિયા એકતાલીસ લાખ ઓગણીસ હજાર ચારસો પુરાનો કલેઈમ મંજુર કરાવ્યો છે. ખાંભા બે વર્ષ પહેલા ગીર સોમનાથ તાલુકાના નાળીયેરી મોલી ગામના વિષ્ણુદાસ પરસોતમદાસ દુધરેજીયાના પુત્ર નયનભાઈ વાહન અકસ્માતમાં મરણ થયેલ. આ ગુજરનારે ઉચ્ચ અભ્યાસ કરેલ હોય, ટયુશન કલાસીસ ચલાવતા હોય જેથી તેના વારસદારોને વિમા રકમ કલેઈમની રકમ મળે તે માટે ખાંભાના સેવાભાવી એડવોકેટ રાજુભાઈ હરીયાણીએ આ પરિવારને કલેઈમ માટે સમજાવેલ. અને નામ. સાવરકુંડલા મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબની કોર્ટમાં એમ.એ.સી.પી. નં. ૧૪/૨૦૨૨ થી કલેઈમ દાખલ જે નામ. કોર્ટમાં ચાલી જતા મરણ જનાર તરફેનાં બંને યુવા એડવોકેટ શ્રી રાજુભાઈ હરીયાણી તથા એમ.એમ.બાવનકાએ જુદી જુદી આવક તેમજ પરિવારની જવાબદારી તેમજ મરણ જનારના એજયુકેશન વિશે તથા વિવિધ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજુ કરીને તર્કબંધ દલીલ કરીને સદર કલેઈમમાં વધુને વધુ રકમ મરણ જનારના વારસદારોને મળે તે માટે પ્રયત્નો અંતે નામ. સાવરકુંડલા મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સાહેબ જજશ્રી ડી.એસ.શ્રીવાત્સવ દ્વારા તારીખ: ૧૫/૪/૨૦૨૪ ના રોજ ગુજનાર નયનભાઈના વારસદારોને વિમા કંપનીએ રૂ.૪૧,૧૯,૪૦૦/- અંકે રૂપિયા એકતાલીસ લાખ ઓગણીસ હજાર ચારસો પુરા તથા જજમેન્ટ સુધી ૯ % વ્યાજ સાથે અંદાજે રૂ. ૪૮ લાખ ચુકવી આપવા હુંકમ કરેલ છે.

## નર્મદામાંથી કોટડીના એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો

### એનડીઆરએફની ટીમોએ સાતેય વ્યકિતને શોધી કાઢવા ગઇકાલથી શરૂ કરેલ ઓપરેશનમાં એકનો મૃતદેહ મળી આવતા હજુ છની શોધખોળ શરૂ

અમરેલી,
રાજુલાના કોટડી ગામના વતની અને હાલ સુરત રહેતા આહિર પવિવારના સાત વ્યકિત નર્મદામાં ડુબી જતાં ગઈકાલથી શોધખોળના અંતે એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો છે.
મુળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના વતની અને હાલ સુરત રહેતા આહિર પરિવારના સાત વ્યકિતના નર્મદામાં ડુબીજવાની ઘટનાને પગલે એનડીઆરએફની ટીમો દ્વારા ગઈકાલથી શોધખોળ શરૂ કરેલી તે દરમ્યાન આજે એક કોટડીના કિશોર ભાવેશભાઈ વલ્લભભાજા હડિયા ઉ.વ.૧૪નો મૃતદેહ મળી આવ્યો છે. હજુ છની શોધખોળ શરૂ છે તેમ પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

## પોઇચા કરુણાંતિકામાં ૬૦ તરવૈયાઓ દ્વારા નર્મદા નદીના અઢી કિલોમિટર પટમાં ચાલતી શોધખોળ

### એનડીઆરએફ, વડોદરા, ભરૂચ, કરજણ પાલિકાના તરવૈયાની ટીમો દ્વારા ૬ બોટની મદદથી કરાતી શોધખોળ, એક કિશોરનો મૃતદેહ મળ્યો

રાજપીપલા, પોઇચા ખાતે સર્જાયેલી કરુણાંતિકામાં નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચલાવાઈ રહેલી બચાવ કામગીરી દરમિયાન આજ બુધવારે સવારે એક કિશોરનો મૃતદેહ મળી આવ્યો છે. હાલમાં એનડીઆરએફ, ફાયર ફાયટરની ટીમો દ્વારા ૬ જેટલી બોટ, નાવડી દ્વારા નદીમાં બાકીના શોધખોળ ચાલીરહીછે. ૬૦થી વધુ બચાવ કામગીરી દ્વારા નર્મદા નદીમાં અઢી કિલોમિટર જેટલા વિસ્તારમાં આ તરવૈયાઓ દ્વારા શોધ કરવામાં આવી રહી છે. રાજપીપળા સ્થિત આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ગઈ કાલ તા. ૧૪ના રોજ મધ્યાહનના સમયે પોઈચા ખાતે આવેલા શ્રદ્ધાળુ પરિવારના ૧૭ સભ્યો પોઈચા ધામ પાસેથી પસાર થતી નર્મદા નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે આ કરુણાંતિકા સર્જાઈ હતી અને જેમાં આઠ વ્યક્તિ નર્મદા નદીના વહેણમાં ગરકાવ થઈ ગઈ હતી. એ દરમિયાન, ન્હાવા પડેલી મગનભાઈ નાનાભાઈ જીંજાળા નામની એક વ્યક્તિને સ્થાનિક લોકોએ ડૂબતા બચાવી લીધી હતી. આપત્તિ વ્યવસ્થાપન કક્ષને મળેલા રિપોર્ટ મુજબ મેઘાભાઈ બલદાણિયા (૪૫), આર્નવ ભરતભાઈ બલદાણિયા (૧૨), મૈત્રવ ભરતભાઈ બલદાણિયા (૧૫), વ્રજ હિંમતભાઈ બલદાણિયા (૧૧), આર્યન રાજુભાઈ જીંજાળા (૭), ભાર્ગવ અશોકભાઈ હડિયા (૧૫) અને ભાવેશ વલ્લભભાઈ હડિયા (૧૫) નર્મદા નદીમાં ડૂબી જવા પામ્યા હતા. નર્મદા જિલ્લા વહીવટી તંત્રને આ દુર્ઘટનાની જાણ થતાની સાથે જ રાહત અને બચાવની કામગીરી હાથ આવી હતી. એનડીઆરએફ, વડોદરા મહાનગરપાલિકાના ફાયર વિભાગ, કરજણ અને ભરુચ નગરપાલિકાના ફાયર વિભાગને બચાવ કામગીરી માટે બોલાવી લેવામાં આવી હતી. આ ટીમો દ્વારા નર્મદા નદીમાં તુરંત ડૂબી ગયેલી સાત વ્યક્તિની શોધખોળ આદરવામાં આવી હતી. નાંદોદ પ્રાંત અધિકારી અને મામલતદાર ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તા. ૧૪ના બપોરથી આદરવામાં આવેલી એનડીઆરએફ અને વડોદરાની કુલ મળી ત્રણ બોટ ઉપરાંત સ્થાનિક ત્રણ નાવડીમાં બચાવકર્મીઓ દ્વારા નર્મદા નદીમાં ડૂબી ગયેલા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. આજ તા. ૧૫ને બુધવારના સવારે આઠેક વાગ્યે ભાવેશભાઈ વલ્લભભાઈ હડિયા નામના કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. એનડીઆરએફ, વડોદરા, ભરૂચ, કરજણ ઉપરાંત સ્થાનિક તરવૈયાઓની ટીમ મળી કુલ વધુ બચાવકર્મીઓ દ્વારા પોઈચાથી શ્રીરંગ સેતુ સુધીના અંદાજે અઢી કિલોમિટરના વિસ્તારમાં નર્મદા નદી અંદર શોધખોળ કરવામાં આવી રહી છે. બીજી તરફ, શ્રી રંગસેતુ આસપાસ મગરોની હાજરી ઉપરાંત વહેતા વહેણ હોવાથી તમામ પ્રકારની તકેદારી સાથે આ કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાથમિક અહેવાલો મુજબ ડૂબી જનારા પરિવાર મૂળ અમરેલી જિલ્લાના તાલુકાના કોટડી ગામના વતની છે અને હાલમાં વ્યવસાય અર્થે સુરત સ્થાયી થયા છે. ઉનાળું વેકેશનના કારણે આ પરિવાર પોઈચા ધામ અને કરનાણી ખાતે ધાર્મિક યાત્રાએ આવ્યો હતો અને તે સમયે આ દુઃખદ ઘટના બની હતી. હાલમાં નર્મદા જિલ્લા પ્રશાસન દ્વારા આ પરિવારને પોઈચા ધામ ખાતે રાખવામાં આવ્યો છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૯૫૦ થી ૧૫૯૭ મગફળી ૯૫૫ થી ૧૨૩૩

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૦૦-૧૨૨૦
શિંગમોટી-૯૫૫-૧૨૩૩
ધાણી-૧૧૪૫-૧૬૯૦
તલસફેદ-૨૧૬૦-૩૦૪૦
તલકાળા-૧૮૭૦-૩૨૧૫
એરંડા-૯૦૦-૧૦૬૬
ઘઉંટુકડા-૪૪૧-૬૪૨
ઘઉંલોકવન-૪૪૩-૬૦૦
મરચાલાંબા-૬૯૦-૨૧૭૦
ચણા-૮૦૦-૧૨૨૯
કપાસ-૯૫૦-૧૪૯૭
રાયડો-૭૫૦-૮૯૨
જીરૂ-૧૮૦૦-૫૩૮૦
ધાણા-૧૦૧૫-૧૪૧૫
સોયાબીન-૭૫૦-૮૬૦
મગ-૧૬૩૫-૧૮૩૦
રાયડો-૭૫૦-૮૯૨

**અમરેલી શાકભાજી**
બટેટા-
રીંગણા-
ફલાવર-
કોબીઝ-
ટમેટાં-
વટાણા-
ગાજર-
ગલકા-
કાકડી-
ગુવાર-
દુધી-
તુરીયા-
ભીડો-
આદુ-
કોથમીર-
મેથીભાજી-
ટીંડોરા-
લીમડોમીઠો-
મરચાલીલા-
લસણસુકું-
લીંબુ-
પાલક-

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૫૧૫
જુવાર-૪૩૧-૮૦૨
ઘઉં-૪૮૧-૫૯૮
ધાણા-૧૦૦૦-૧૦૦૦
ચણા-૧૦૩૦-૧૨૧૭
મકાઈ-૫૦૧-૫૦૧
એરંડી-૮૮૦-૮૮૦
અજમા-૨૧૭૦-૨૧૭૦
કપાસ-૧૦૦૦-૧૪૬૬
મગ-૧૫૦૦-૧૮૦૦
તલસફેદ-૨૫૯૫-૨૮૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૩૩-૬૩૧
ડુંગળીલાલ-૧૧૬-૩૫૧
ડુંગળીસફદે-૨૨૦-૨૮૩
તલસફેદ-૨૨૦૦-૨૯૪૨
તુવેર-૧૯૩૨-૨૦૦૨
જીરૂ-૪૨૦૦-૫૦૦૦
ચણા-૯૫૫-૧૨૨૮
નાળીયેર-૪૧૫-૧૯૨૪
મકાઈ-૨૮૧-૨૮૧
કપાસ-૧૧૦૦-૧૪૫૧
મગ-૧૦૦-૧૮૫૦

**બાબરા**
કપાસ-૧૨૨૫-૧૪૬૫
મગ-૧૩૯૦-૧૯૧૦
ચણા-૧૧૪૪-૧૨૩૬
ઘઉં-૪૭૫-૫૪૫
એરંડા-૯૭૫-૧૦૧૫
જીરૂ-૩૯૬૦-૫૫૪૦
મગફળી-૧૧૧૫-૧૧૪૫
તલ-૨૩૩૦-૨૮૭૦

**ધારી**
કપાસ-૧૩૦૦-૧૩૦૦
તલસફેદ-૨૬૯૦-૨૭૧૧
શીંગફાડા-૧૪૦૫-૧૪૦૫
મગ-૧૮૨૦-૧૮૫૦
ચણા-૧૧૯૧-૧૧૯૧
ઘઉં-૪૮૯-૫૧૩
રાઈ-૮૦૦-૮૦૦
બાજરો-૩૮૦-૩૮૦
ધાણા-૧૧૦૫-૧૨૭૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૨૧
તલસફેદ-૨૫૫૧-૨૭૫૧
જીરૂ-૪૦૦૦-૫૪૩૫
તુવેર-૧૭૦૦-૨૦૯૧
કપાસ-૧૩૦૦-૧૫૨૦
ઘઉં-૪૫૦-૫૨૫
મેથી-૮૦૦-૧૦૦૦
મગ-૧૭૫૧-૧૯૮૦
ચણા-૧૧૮૦-૧૨૩૭
મેથી-૮૦૦-૧૦૦૦
જુવાર-૫૦૦-૭૩૦

**ખાંભા**
કપાસ-૧૨૦૩-૧૪૭૬
મેથી-૯૫૦-૯૫૦
ચણા-૧૨૦૦-૧૨૨૧
ઘઉં-૪૦૧-૪૦૧
બાજરો-૪૯૦-૪૯૦
ધાણા-૧૨૦૦-૧૨૦૦
જુવારસફેદ-૭૦૧-૭૦૧
તલસફેદ-૨૭૫૧-૨૯૧૬

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૩૩૫
મગફળી-૧૦૨૫-૧૧૩૦
તલસફેદ-૨૩૦૫-૨૭૦૧
ઘઉંલોકવન-૪૫૭-૫૨૭
ઘઉંટુકડા-૪૨૨-૪૯૯
મગ-૧૫૮૬-૧૮૧૪
ચણા-૧૦૫૧-૧૨૧૩
ધાણા-૧૨૩૦-૧૩૨૫
રાય-૧૦૫૦-૧૧૦૦
સોયાબીન-૮૦૦-૮૦૦
જુવાર-૫૦૦-૬૯૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૫૦
દાડમ-૧૪૦૦-૨૦૦૦
મુસંબી-૬૦૦-૧૦૦૦
સંતરા-૧૬૦૦-૨૨૦૦
કીવી-૩૫૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૫૦૦
કેરી-૧૨૦૦-૨૫૦૦
ટેટી-૨૦૦-૪૨૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૪૦૦-૬૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૫૦૦-૩૬૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૨.૦
ન્યુનતમ તાપમાન ૨૬.૬
ભેજનું પ્રમાણ ૭૫
પવનની ગતિ સરેરાશ-.૪.૮

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૬-૦૫-૨૦૨૪ ગુરૂવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
**આનંદ ક્લોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### સનાતન આશ્રમમાં વર્ષોથી ધર્મની જયોત ઝળકે છે તે

## બાઢડા સનાતન આશ્રમમાં પુ. જયોતિમૈયાનો જન્મદિન ઉજવાશે

### પુ. જયોતિરમૈયા દેવીના જન્મદિવસ નિમિતે હનુમાન ચાલીસા પાઠ, મહાપ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમો



રાજુલા,
બાઢડા પ્રાત સમરણ્યા જ્યોતિ મૈયા ના આશ્રમમાં તારીખ ૨૨ ઉત્સવ ઉમંગ ભેર ઉજવણી કરવામાં આવશે સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે વર્ષો જૂનું સનાતન આશ્રમ આવેલો છે આ આશ્રમ શાંતિનું પ્રતીક છે આ આશ્રમમાં પરમ પૂજ્ય જ્યોતિરમૈયાદેવીના હજારો સેવકો છે આ આશ્રમમાં સેવાકી પ્રવૃત્તિઓ કાયમી શરૂઆત હોય છે ગુરુની પૂર્ણિમા સત્સંગ હવન યજ્ઞ પૂજન સહિતના કાર્યક્રમો રાખવામાં આવતા હોય છે પરમ પૂજ્ય પ્રા ત સમરણીએવા જ્યોતિ મૈયા દેવી જન્મદિવસ નિમિત્તે સાંજના સાત કલાકે સનાતન આશ્રમ હનુમાન ચાલીસા પાઠ રાખવામાં આવ્યા છે કલાકે જ્યોતિર મૈયા દેવીના જન્મદિનની શુભેચ્છા અને જ્યોતિરમયા તરફથી આશીર્વાદ તેમજ ઉજવણી તેમજ ૮:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું કાર્યક્રમનું ભવ્ય આયોજન સાવરકુંડલા તાલુકાના બાઢડા સનાતન આશ્રમમાં ખાતે રાખવામાં આવ્યું છે તો સેવક અને પધારવા માટે સનાતન આશ્રમ વિભૂતિ સેવક શ્રી મનુભાઈ ખુમાણ નું આમંત્રણ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે

### કમોસમી વરસાદના કહેરથી નારાજ ખેડૂતોની વ્હારે આવતાશ્રી કસવાળા

## સાવરકુંડલા લીલીયા વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેતીપાકના સર્વે સાથે સહાય કરવાની માંગણી કરાઇ

### કૃષિમંત્રીને પત્ર પાઠવી ખેડૂતોની વ્હારે આવતા ધારાસભ્યશ્રી મહેશ કસવાળા



સાવરકુંડલા, કમોસમી વરસાદ અમરેલી જિલ્લાના સાવરકુંડલા લીલિયા તાલુકામાં વરસતા ખેડૂતોની ખેત પેદાશોને થયેલા વ્યાપક નુકશાનને લઈને ધારાસભ્ય મહેશ કસવાળાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને તાત્કાલિક સર્વે કરી ખેડૂતોને સહાય મળી રહે તે અંગે રજૂઆત કરી છે જેમાં ૧૪ તારીખે પડેલા કમોસમી વરસાદ થી ડુંગળી, તલ, બાજરો, મગ, કેરી અને ઘાસચારો પાકને નુકશાન થયેલ હોય તો આવા કમોસમી વરસાદના કહેરથી તારાજ થયેલા ખેડૂતોના તાત્કાલિક સરવે કરીને ખેડૂતોને સરકાર સહાય કરે તેવી લાગણીઓ ધારાસભ્ય મહેશ કસવાળાએ પત્ર મારફતે કરી હતી ત્યારે જગતના તાત માટે હંમેશા ચિંતિત ધારાસભ્ય મહેશ કસવાળા ખેડૂતોના હમદર્દ બન્યા હોવાની અનુભૂતિ સાવરકુંડલા લીલીયાના ખેડૂતો કરી રહ્યા છે.

### બાબરા પંથકમાં કાયદો વ્યવસ્થાની સ્થિતી કથળીને બેહાલ

## બાબરા ના લુણકી ગામે લુખ્ખા તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરી દારૂનો અડો બનાવવા વંડો વાળી લેવાયો

### જીલ્લા ભરમાં હત્યા મારામારી ખનીજ ચોરી ભુ માફીયા દાદાગીરી હપ્તા ખોરી દારૂ જુગાર સહિત પવન ચક્કીના કોન્ટ્રાક્ટમાં રાજકીય ભાગીદારી સહિત લોકો સાવ ત્રાહિમામ પોકારી ઊઠયા



બાબરા, (દિપક કનૈયા)
બાબરા સહિત સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચાવનાર હત્યા સહિત દાદાગીરી હપ્તા ભુ માફીયા ખનિજ માફીયા, લુખ્ખા તત્વો દારૂ જુગાર રેતી ચોરી બે નંબરી માલ ઉતારવો જમીન પચાવી પાડવી સહિત બે નંબરી ધંધા ફુલાફાલીય છે તંત્રના આશીર્વાદ થી જીલ્લા ની જનતા એ ખાખી વર્દી સહિત અધિકારીઓ ઉપરથી પોતનો વિશ્રામ ઉઠી ગયો છે બાબરા તાલુકાના લુણકી ગામે લુખ્ખા તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે બાંધકામ કરી દારૂ નો અડો બનાવ મોટો ભરજો વાળી લેવામા આવ્યો હતો બાંધકામ અટકાવવા માટે સમગ્ર ગામ એકથય બાબરા મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન ખાતે રજુઆત ફરીયાદ કરવા લોકો એકત્રિત થયા હતા ગામના લોકો અનેકવાર રજૂઆતો અગાવ કરી હતી આ તત્વો સામે લુણકી ગામે લુખ્ખા તત્વો દ્વારા દારૂ નો અડો બનાવી દેવાયો છે અગાવ પણ ગામના સરપંચ ને લુખ્ખા તત્વો એ માર માર્યો હતો લોકો એ પોલીસ ને અગાવ પણ રજૂઆત કરી હતી કે આ તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરી દારૂ નો અડો બનાવી દેવાયો છે છતાં તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી નહોતી આજે ફરી ગ્રામજનો દ્વારા બાબરા મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન ખાતે લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે જો કોઈ પગલાં ભરવામાં નહીં આવે તો ઉપવાસ આંદોલન અને ગાંધી ચિંધ્યા માર્ગ ઉપર આંદોલન કરવામાં આવશે

## બાબરા, લાઠી અને દામનગરમાં હપ્તાની ઉઘરાણીથી જનતા ત્રાહિમામ પોકારી ગઇ

### લોકો શ્રી બાવકુભાઇ ઉંઘાડને કાયમી યાદ કરે છે

બાબરા, (દિપક કનૈયા)
બાબરા લાઠી દામનગર સહિત જીલ્લા ની જનતા આજે બાહુબલી નેતા બાવકુભાઈ ઉંઘાડ ને યાદ કરે છે અમરેલી જિલ્લા ની આજે દયાજનક સ્થિતિ ની છે દાદાગીરી હપ્તા ભુ માફીયા ખનિજ માફીયા લુખ્ખા તત્વો પોલીસ ના હપ્તા ઉઘરાણા ની જનતા ત્રાહિમામ પોકારી ઊઠયા છે એક સમયે બાબરા લાઠી દામનગર ના જાગૃત ધારાસભ્ય તરીકે બાવકુભાઈ ઉઘાડ હતા ત્યારે લુખ્ખા તત્વો કે અન્ય કોઈપણ પ્રકારની બે નંબરી કામગીરી કરવી હોય તો સાત વાર વિચાર કરવો પડતો આજે આજે બાહોશ નેતા બાવકુભાઈ ઉઘાડ ને લોકો યાદ કરી રહ્યા છે એ સમયે જે કામગીરી કરી હતી એ અભિનંદન ને પાત્ર લોકો ગણે છે આજે નપાળીયા તંત્ર અને સતાધીશો સામે લોકો આંગળી ચીંધી રહ્યા છે. આજે લોકો શાંતિ અને સલામતી માટે વલખાં મારે છે બાવકુભાઈ ઉઘાડ જેવા નેતા ની લોકો માંગ કરી રહ્યા છે શાંતિ અને સલામતી માટે

## ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનું સન્માન કરાયું

### ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના આગેવાનોઓની ઉપસ્થિતિમાં આયોજન



અમરેલી,
શ્રી દિલીપભાઈ સંઘાણીના ૭૧ માં જન્મદિવસ નિમિત્તે અભિનંદન સમારોહ મ ઉપસ્થિત શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ ચૌહાણ મંત્રી શ્રી. સી.કે.ટાક,તેમજ.સહ.મંત્રી સુરેશભાઈ સોલંકી ટ્રસ્ટી શ્રી જયંતીભાઈ મનાણી સહિતના આગેવાનો આ કાર્યક્રમમાં આમંત્રણ ને માલ આપીને ઉપસ્થિત રહી માનનીય શ્રી દિલીપભાઈનું સન્માન કરેલ અને શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનું નામ રોશન કરેલ સંગઠન મંત્રી સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

### અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ કોવાયા દ્વારા

## કોવાયામાં ત્રીદિવસીય સમર કેમ્પ યોજાયો

### ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : સર્ટિફિકેટ એનાયત



રાજુલા,અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ દ્વારા બાળકો ના સર્વાંગી વિકાસ ને ધ્યાન માં રાખી ABPS સ્કૂલ ના વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસીય સમરકેમ્પ નું આયોજન કરાયું જેમાં બાળકો પર્યાવરણ થી રહે તે માટે અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ ના ભજીઇ સેન્ટર કે જ્યાં વિવિધ વૃક્ષો ,મીયાવાકી ફોરેસ્ટ ડેમો કિચન ગાર્ડન ઉપરાંત જૈવિક ખેતી ના ડેમો જોવા મળે છે તેવા સ્થળે ત્રી દિવસીય કેમ્પ નું આયોજન કરાયું. જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ કોલોની ના લગભગ ૪૦ કરતા વધારે વિધાર્થીઓ એ લીધો જેમાં દરેક વિદ્યાર્થી ને સર્ટીફીકેટ તથા પ્લાન્ટ વિથ પોર્ટ સાથે ઉત્સાહવર્ધન કરાયું.આ કેમ્પ માં સંસ્કૃતિ સાથે જોડાયેલ વિવિધ હસ્તકલા જેવી કે માંડલા આર્ટ, મધુબની આર્ટ,પેપર ક્રાફ્ટ વગેરે વિવિધ કળા ને પ્રેકટીકલ તથા થીયોરી ની સાથે સમજવામાં આવી વિધાર્થીઓ દ્વારા અતિ સુંદર તથા કલાત્મક આર્ટ નમુનાઓ બનાવવા માં સાથે સાથે PPT તથા ડીજીટલ માધ્યમ થી બાયો ડાઈવરસીટી અંગે માર્ગદર્શન તથા સરક્ષણ અને સવર્ધન અંતર્ગત પ્લાન્ટેશન નું પણ આયોજન કરવામાં આવ્યું હતું ઉપરાંત સ્વચ્છ ભારત અભિયાન અંગે માહિતગાર કરવા તથા સેલ્ફ ડીસીપ્લીન ને કેળવવા સફાઈ અભિયાન માં પણ વિદ્યાર્થીઓ જોડાયા. વિવિધ રમતો દ્વારા જ્ઞાન સાથે ગમ્મત ના ઉદેશ્ય બાળકોને આત્મવિશ્વાસ તથા સામાન્યજ્ઞાન માં વધારો થાય તેવા પ્રયાસ રહ્યા સાથે સાથે વિવિધ રીફ્રેશમેન્ટ ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી આ કેમ્પ નું આયોજન યુનિટ હેડ શ્રી સંભવ શ્રીવાસ્તસવ ના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યું જેમાં ABPS સ્કૂલ ના આર્ટટીચર શ્રી અમિત જોશી દ્વારા સમગ્ર કેમ્પ ની વિવિધ એક્ટીવીટી નું કરવાંમા આવ્યું અને અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ ના અડ્મીન તથા ભજીઇ વિભાગ ના અધિકારી શ્રી રીતોબન ચૌધરી ના સહયોગ દ્વારા ખુબ સારું આયોજન કરવામાં આવ્યું.

## પ્રોવિડન્ટ ફંડના કર્મચારીઓની પગાર મર્યાદા રૂપિયા ૨૧હજાર કરો

### ભારતીય મજદુર સંઘના પુર્વ મેમ્બર હસુભાઇ દવેની રજુઆત



અમરેલી,
ભારતીય મઝદુર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઈ.પી.એફ. ઓ.ના પુર્વ સી.બી.ટી.મેમ્બર શ્રી હસુભાઈ દવેની યાદી જણાવે છે કે, પ્રોવિડન્ડ ફંડમાં અત્યારે જે પગારની મર્યાદા રૂ.૧૫,૦૦૦/- છે. અને આનો અમલ તા. ૧/૯/૨૦૧૪ થી ચાલુ છે. પરંતુ હજુ સુધી આગળની સીલીંગ વધારવા માટે સી.બી.ટી.ના તમામ મેમ્બરશ્રીઓએ રજૂઆત કરેલ છે અને અન્ય યૂનીયનોએ પણ માંગણી કરેલ છે. સીલીંગ ન વધારવાનાં કારણે મોટા ભાગના કર્મચારીઓને સામાજીક સુરક્ષા જેમા પી.એફ.અને પેન્શનનો લાભ મળતો નથી કારણકે, મોટા ભાગના કર્મચારીઓ હાલના પગાર ધોરણના કારણે નિકળી જાય છે. અને જે કર્મચારીઓ ચાલુ છે. તેમની કપાત રૂ.૧૫,૦૦૦/- લેખે ૧૨ ટકા કર્મચારીઓના અને ૧૨ ટકા માલીકનો ફાળો કપાય છે. જેને કારણે કર્મચારીઓને ઘણોજ અન્યાય થાય છે. આર્થિક નુકશાન જાય છે. વધુમાં શ્રી હસુભાઈ દવે જણાવે છે કે, ઈ.એસ.આઈ.માં વેઈજ સીલીંગ રૂ.૨૧,૦૦૦/- તા.૧/૧/૨૦૧૭ ના રોજથી કરવામાં આવેલ છે. અને રૂ.૨૫,૦૦૦/- જે કર્મચારીઓ ડીસએબલ છે, તેને મળે છે. છેલ્લા ૧૦ વર્ષથી પી.એફ.ની સીલીંગ વધેલી ન હોય શ્રી નરેન્દ્રભાઈ મોદી,વડાપ્રધાનશ્રી કેન્દ્ર સરકારને પત્ર લખી માંગણી કરેલ છે. કે, ઈ.એસ.આઈ.માં કર્મચારીઓને રૂ઼ગ.૨૧,૦૦૦,-ની સીલીંગ થવાનો જે લાભ મળે છે તેવો જ લાભ પી.એફ.ના કર્મચારીઓને રૂ.૧૫,૦૦૦,- હાલમાં મળે છે તે રૂ.૨૧,૦૦૦/- કરવી જોઈએ તેવી માંગણી કરેલ છે. આશા રાખીએ કે, પી.એફ.ના કર્મચારીઓને પણ આ વેઈજ મુજબનો લાભ મળે અને સોશ્યલ સીક્યોરીટી માટે કેન્દ્ર સરકારે જણાવેલ છે કે, (સોશ્યલ સીક્યોરીટી ટુ ઓલ) '' સામાજીક સલામતિનો લાભ બધાને '' માટે તાત્કાલીક વેઈજ સીલીંગમાં સુધારો કરવો જોઈએ. (હસુભાઈ દવ) પુર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, ભારતીય મઝદૂર સંઘ.મો.ને.૯૯૭૮ ૪૪૫૭૨૦

### શ્રી ભુરખિયા મંદિર ટ્રસ્ટ - ભુરખિયા દ્વારા

## અમરેલીમાં બાળસંભાળ ગૃહને વોશિંગ મશીનનું દાન અપાયું

### સામાજિક ન્યાન અને અધિકારીતા વિભાગ સમાજ સુરક્ષા ખાતા દ્વારા આયોજન

અમરેલી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સમાજ સુરક્ષા વિભાગ ગાંધીનગર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, મું. પ્રતાપપરા અમરેલી ખાતે કાર્યરત છે. જેમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ મુજબ ૦૬ થી ૧૮ વર્ષ સુધીના કાળજી અને રક્ષણની જરૂરીયાત વાળા બાળકો, જેમાં મુખ્યત્વે અનાથ એકવાલી કે શોષિત, પીડિત, ગુમ થઈને મળી આવેલ, બાળક, મજૂરી અને ભિક્ષાવૃત્તિમાં આવેલા બાળકો માટે આ હોમ કાર્યરત છે. જિલ્લામાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ની કલમ-૫૦ મુજબ કાળજી, સંભાળ અને રક્ષણની જરૂરીયાત વાળા બાળકોને આશ્રય આપી સમયાંતરે સમાજની મુખ્ય ધારામાં યોગ્ય પુનઃસ્થાપન કરવા જેમાં યોજનાકીય પુનઃસ્થાપન અને પરિવારમાં પુનઃસ્થાપન કરવા તથા આ બાળકોને સારવાર, શિક્ષણ, તાલીમ, વિકાસ અને પુનર્વસનની પ્રક્રિયા કરવામાં આવે છે. દરેક બાળકને તંદુરસ્ત અને સુખી બાળપણને સુરક્ષિત કરવા માટે, તેમને તેમની સંપૂર્ણ ક્ષમતાઓ શોધવામાં સક્ષમ બનાવવાની તકોને સુનિશ્ચિત કરવા અને તેમને તમામ બાબતોમાં સતત ઉન્નતિ કરવામાં મદદ કરવાના ઉદેશથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નિયામક સમાજ સુરક્ષા વિભાગ-ગાંધીનગરની સ્વાયત સંસ્થા દ્વારા સંચાલિત ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી'થી આ હોમ કાર્યરત છે જેમાં હાલમાં ૩૩ બાળકો અંતેવાસ કરી રહ્યા છે. આ બાળકોને કપડા ધોવા માટે ફુલ્લી ઓટોમેટીક વોશિંગ મશીન 'શ્રી ભુરખિયા મંદિર ટ્રસ્ટ' દ્વારા બાળકોની સુવિધા અને સુખાકારીમાં વધારો કરવા દાન આપવામાં આવેલ છે. આ દાન માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આર બી ખેર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વી.યુ જોષી, સરકારી ચિલ્ડ્રન હોમના અધિક્ષકશ્રી એસ.બી.જોષી સાહેબ તેમજ સંસ્થાનો તમામ સ્ટાફએ 'શ્રી ભુરખિયા મંદિર ટ્રસ્ટ'નો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો છે, તેમ સુપ્રિટેન્ડેન્ટ, ચિલ્ડ્રન હોમ, સમાજ સુરક્ષા ખાતુ, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ચારોડીયા કાઠી સમાજના બાળકોએ સાડા ત્રણ દિવસ સુધી નકોરડા અનુષ્ઠાન કર્યા



રાજુલા,ચારોડીયા કાઠી ક્ષત્રિય સમાજ ના બાળકોએ કર્યુ સાડા ત્રણ દિવસનુ નકોરડા અનુષ્ઠાન સુરજદેવળ ધામે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષે પંરપરા અને વિશ્વ કલ્યાણ હેતુ સાડા ત્રણ દિવસ ના ઉપવાસ પર્વ થાય છે ત્યારે ચારોડીયા ગામના અને રામ કિષ્ના સ્કૂલ મા અભ્યાસ કરતા બન્ને ભાઈઓ ધાખડા સુર્યરાજ અને ધાખડા બ્રીજરાજ દ્વારા સાડા ત્રણ દીવસ ઉપવાસ કરવામા આવ્યા આ તકે લોક સાહિત્યકાર માયાભાઈ આહીર અને રાજભા ગઢવી દ્વારા બન્ને બાળકો ને અભિનંદન પાઠવવામા આવ્યા

### માનવ મંદિરના દિવ્યાંગોની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલાના માનવ મંદિરે શ્રી દિલીપભાઇ સંઘાણીના ૭૧માં જન્મદિનની ઉજવણી કરાઇ

### જિલ્લા સંઘના ચેરમેન મનિષભાઇ સંઘાણી, જિલ્લા ખ.વે. સંઘનાશ્રી જયંતિભાઇ પાનસુરીયા દિપકભાઇ માલાણી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં દિવ્યાંગોની ભોજન કરાવાયું




અમરેલી,
માનવ મંદીર જગ્યા સાવરકુંડલા મુકામે શ્રી દિલીપભાઈ સંઘાણી નો ૭૧ મો જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં અમરેલી જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી મનિષભાઈ સંઘાણી અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના પ્રમુખશ્રી જયંતિભાઈ પાનસરીયા, અમરેલી જિ.સ. ખ.વે.સંઘના વાઈસ અને સાવરકુંડલાના એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રી દિપકભાઈ માલાણી અને બોર્ડ ઓફ ડીરકેટરશ્રીઓ તેમજ સાવરકુંડલા વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા અને માનવ મંદિરની જગ્યાના મહંત શ્રી ભકિતરામ બાપુ દવારા માનસીક અસ્થિરના લોકોને ભોજન પ્રસાદ લેવડાવવાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેની તસ્વીરી ઝલક નજરે પડે છે.

## અમરેલી જિલ્લાના મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓને રાજુલામાં સન્માનિત કરાશે

### સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા આયોજન : જ્ઞાતિ આગેવાનોની ઉપસ્થિતિ

રાજુલા,
સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલા દ્વારા અમરેલી જિલ્લાના તમામ મુસ્લિમ સમાજના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં ચાલુ વર્ષ ૨૦૨૪ માં આપેલ પરીક્ષામાં ૭૫% કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માન કાર્યક્રમ આગામી તારીખ ૦૨-૦૬-૨૦૨૪ના રોજ યોજવાનું આયોજન રાજુલા મુકામે કરવામા આવેલ છે. તેથી તમામ મુસ્લિમ સમાજના તમામ વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ, સરનામું મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ વ્યક્તિઓને તારીખ ૨૫-૫-૨૦૨૪ સુધીમાં વોટસએપ પર મોકલવા જણાવાયું છે. વધુ વિગતો માટે (૧) રહિમબાપુ કનોજિયા મો.૯૯૦૪૧ ૧૪૬૧૭,(૨) સમીરભાઈ કનોજિયા મો.૯૯૦૪૬ ૩૯૪૫૬,(૩) મોહસીનખાન પઠાણ મો. ૯૭૨૨૦ ૪૫૯૦૦,(૪) અલ્ફાઝભાઈ ચાવડા મો. ૯૭૩૭૦ ૩૯૬૦૩નો સંપર્ક કરવો. લાયકાત ધરાવતા તમામ મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓએ પોતાનાં માર્કશીટ, સરનામું અને મોબાઈલ નંબર સાથે ઉપર જણાવેલ વ્યક્તિઓને વોટસએપ મોકલી આપવા સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલાના પ્રમુખ આરીફભાઈ જોખીયાની યાદી જણાવે છે.

## તાજેતરમાં વાતાવરણે કરવટ બદલતા ભર ઉનાળે વરસાદી માહોલ સાથે મીની વાવાઝોડુ ત્રાટકતા

# અમરેલી જિલ્લામાં ૮૦ વિજપોલ, ૧૫ ટ્રાન્સફોર્મરને નુક્શાન

### અમરેલી પીજીવીસીએલ ડીવીઝન દ્વારા બે દિવસ મીની વાવાઝોડાની સ્થિતિમાં થયેલા નુક્શાન અંગે સર્વે કરવામાં આવ્યો : સર્વે દરમિયાન બહાર આવેલી વિગતો

### મીનીવાવાઝોડાને કારણે અમરેલી પીજીવીસીએલ ડીવીઝનને અંદાજીત રૂા. ૮ થી ૯ લાખનું નુક્શાન : અનેક સ્થળોએ વિજપોલને કારણે અંધારા છવાયા

અમરેલી,તાજેતરમાં સતત બે દિવસ મીની વાવાઝોડાનાં ચોમાસા જેવા માહોલ વચ્ચે એકાએક કુદરતે કરવટ બદલી હોય તેમ વિજતંત્ર, ખેતીવાડી સહિતને નુક્શાન થયુંછે. મીનીવાવાઝોડાએ અનેક વિજપોલ ધરાશાયી કર્યા છે. ટ્રાન્સફોર્મરને પણ નુક્શાન થયું છે. આ અંગે અમરેલી વિજ સર્કલદ્વારા જિલ્લામાં સર્વે કરાવાતા અમરેલી જિલ્લામાં ૮૦ થી વધુ વિજપોલને નુક્શાન થયુંછે. કેટલાક વિજપોલ બેવડા વળી ગયા છે અને કેટલાક ધરાશાયી થયા છે. એટલું જ નહીં ૧૫ જેટલા વિજ ટ્રાન્સફોર્મર પણ બંધ થઈ ગયા છે. પરિણામે પીજીવીસીએલને ૮ થી ૯ લાખનું અંદાજીત નુક્શાન થયાનું પ્રાથમિક સર્વેમાં બહાર આવ્યુંછે. અમરેલી પીજીવીસીએલ ડીવીઝન દ્વારા જિલ્લામાં સર્વેમાં હાથ ધરાતા મોટુ નુક્શાન પીજીવીસીએલને થયું છે. લોકોનાં વિજ પ્રશ્ને મુશ્કેલી ન પડે તે માટે સ્ટાફ દ્વારા તનતોડ મહેનત સાથે રાત દિવસ કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## અમરેલી નાના ભંડારીયામા મીની વાવાઝોડુ

અમરેલી,

પવન ગાજવીજ કરા સાથે વરસાદ પતરા નળીયા ને ફુગાની જેમ આકાશ મા ઉડાડવા રસ્તા પાણી આવી ગયા તલ મગ ઉનાળાપાક ને ભારે નુકસાન થયેલ છે.

ભારે પવનથી વીજપુરવઠો બંધ થઈ ગયો હતો ખેતર વાડીયુ મા મકાન ને ભારે નુકસાન થયેલ છે પવન સાથે અંદાજીત એક થી દોઢ ઈચ વરસાદ પડ્યો છે

છેલ્લા પાનાનું

## એક વર્ષની સજા

ભીખાભાઈ નિમાવત રહે.નટવરનગર બગસરા, તા.બગસરા, જી. અમરેલીવાળા એ તા.૧૨/૦૭/૨૦૧૯ નાં રોજ અમરેલી જીલ્લા મધ્યથ સહકારી બેંક લી.મોટી બગસરા શાખા નો ચેક આપેલો જે ચેક ફરીયાદી ની મંડળી એ આરોપી નાં ખાતાં માં વટાવવા નાખતાં તા.૧૨/૦૭/૨૦૧૯ નાં રોજ પરત થતા ફરિયાદી ના મંડળીનાં વકીલ મારફત નોટીસ આપવા માં આવેલી જે નોટીસ મળી ગયેલ છતાં મંડળી ની રકમ આપેલ નહી જેથી બગસરા કોર્ટ માં ફોજદારી કેશ નં.૩૭૫/૨૦૧૯ થી તા.૦૩/૦૯/૨૦૧૯ નાં રોજ ફરીયાદી ની મંડળી નાં મેનેજર જયદીપસિહ પ્રભાતસિહ રાઠોડ દ્વારા કેશ દાખલ કરેલ જે કેશ બગસરા કોર્ટ માં ચાલી જતા બગસરા નાં મહે. એસ.આર.ચૌધરી એ ફરીયાદી નાં એડવોકેટ અશોક.એચ.પંડયા ની દલીલો માન્ય રાખી આરોપી રાજેશભાઈ ભીખાભાઈ નિમાવત ને નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબ ૧ વર્ષ ની સજા અને રૂ.૩૨,૩૦૭/- પુરા વળતર પેટે ફરીયાદી ચુકવવા નો હુકમ તા.૧૩/૦૫/૨૦૨૪ નાં રોજ કરવા માં આવેલ છે.

### દુઃખદ અવસાન / બેસણું



**સ્વ. ભીખુભાઈ કલ્યાણજીભાઈ જેઠવા**

જન્મ તા. ૦૭-૧૨-૧૯૫૪ સ્વ.તા.૧૨-૦૫-૨૦૨૪ વૈશાખ સુદ ૫ ને રવિવાર

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી ભીખુભાઈ કલ્યાણજીભાઈ જેઠવા તા. ૧૨-૦૫-૨૦૨૪(ઉ.વર્ષ ૭૦)ના રોજ સ્વર્ગવાસ સિધાવેલ છે પરમકૃપાળુ પરમાત્મા સદ્દગત ના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના

**સદગતનું બેસણું**

સદ્દગત નું બેસણું તારીખ-૧૭-૦૫-૨૦૨૪ શુક્રવાર ના રોજ સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે રાખેલ છે.

લી.

જીજ્ઞેશ ભીખુભાઇ જેઠવા - પાયલબેન પ્રફુલકુમાર સોલંકી
ભાવિન ભીખુભાઇ જેઠવા - આરોહિ અમીતભાઇ જેઠવા
અર્જુન અમીતભાઇ જેઠવા - વ્યોમ જીજ્ઞેશભાઇ જેઠવા

**સ્થળ**

ગણેશવાડી લીમડીપરા. મું.ખાંભા. જિ. અમરેલી

### ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. ભીખાભાઇ સવજીભાઇ કોટડીયા**
સ્વ.તા.૧૧-૫-૨૪,
શનિવાર,
મુ.પીપળવા, તા.લીલીયા
ઉપપ્રમુખ
લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ લીલીયા

આપનું પુરૂષાર્થ સભર જીવન, ઉચ્ચ વિચારધારા અને સાદગીપુર્ણ જીવન રીતી, સૌની પ્રત્યે આત્મીયતા સદાય યાદ રહેશે. આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.

**શ્રી ક્રિષ્ના ક્રેડીટ કો.ઓ.સો. લી. - લીલીયા મોટા**

શ્રી નિતીનકુમાર રમણીકભાઇ ત્રીવેદી - ચેરમેન
શ્રી મુકેશભાઇ મગનભાઇ માતરીયા - વા.ચેરમેન
શ્રી કાંતિભાઇ અરજણભાઇ શિંગાળા - મેને.ડિરેક્ટર
શ્રી કિશોરભાઇ મનસુખભાઇ પાઠક - ડિરેક્ટર (લી.એડ.)
શ્રી ઘનશ્યામભાઇ ગોવિંદભાઇ રાદડીયા - ડિરેક્ટર
શ્રી ભરતકુમાર બચુભાઇ શેખલીયા - ડિરેક્ટર
શ્રી બટુકભાઇ ભગવાનભાઇ સોળીયા - ડિરેક્ટર
શ્રી હરેશભાઇ ગણેશભાઇ ગાંગડીયા - ડિરેક્ટર
શ્રી હીરજીભાઇ દેવરાજભાઇ કાંકરેચા - ડિરેક્ટર
શ્રી અતુલકુમાર લક્ષ્મીપ્રસાદભાઇ ભટ્ટ - ડિરેક્ટર
શ્રી ઘનશ્યામભાઇ બચુભાઇ ભાલાળા - ડિરેક્ટર
શ્રી વિપુલભાઇ પ્રતાપભાઇ ડેર - ડિરેક્ટર
શ્રીમતિ નિતાબેન વિનોદભાઇ વાઘેલા - ડિરેક્ટર
શ્રીમતિ ઇલાબેન કિર્તીકુમાર દવે - ડિરેક્ટર
શ્રીમતિ રૂપાબેન જીતેન્દ્રભાઇ પાઠક - ડિરેક્ટર
શ્રી જીતેન્દ્રભાઇ ધનસુખભાઇ પાઠક - માનદ મેનેજર
કુ.દયાબેન પ્રવિણભાઇ કવા - કેશી. કમ કલાર્ક
શ્રી વિનીત ગજ્જર - કલાર્ક





... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી













રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૯૯૭)૨૨૧૨૯૯

